# ફ્રાન્સિસ હોવેલ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ
# વિદ્યાર્થી આચાર સંહિતા

Francis Howell School District

HOME SCHOOL COMMUNITY

LEARNING TOGETHER



# અનુક્રમણિકા


પરિચય ....................................................................................................3

વર્ગખંડમાં શિસ્તનાં પગલાં વિશે માર્ગદર્શિકા ....................................................4

વર્તણૂંક સંબંધી ઉલ્લંઘનો અને સ્તરો ..............................................................5

વર્તણૂંક સંબંધી ઉલ્લંઘનો..........................................................................6-10

સ્તરો સંબંધી પરિભાષાઓ..............................................................................11

વિદ્યાર્થી દ્વારા દારૂ/નશીલા પદાર્થોના દુરુપયોગ સંબંધી સંહિતા.......................12-13

આગ્નેયાસ્ત્ર-મુક્ત સ્કૂલ સંહિતા ......................................................................14

શિસ્તનાં પગલાંની વ્યાખ્યાઓ.....................................................................15-17

બસમાં શિસ્ત સંબંધી માર્ગદર્શિકા....................................................................18

શારીરિક શિક્ષા: પ્રતિબંધિત ..........................................................................19

નેટવર્ક અને ઇંટરનેટના સ્વીકાર્ય ઉપયોગ બાબતે માર્ગદર્શિકા ..............................20

શબ્દાવલિ ..............................................................................................21-22

# પરિચય




**સકારાત્મક આદરભર્યું શાળાનું વાતાવરણ શીખવા માટે મહત્ત્વનું છે**

બધાંજ ઇચ્છે છે કે તેમની સ્કૂલ એક સ્વાગત કરતું, મિત્રતાપૂર્ણ અને આદરભર્યું સ્થળ હોય. સાથે કામ કરીને વિદ્યાર્થીઓ, માતાપિતા/વાલીઓ, કર્મચારીઓ અને સમુદાય તેમની સ્કૂલને શીખવા માટેનું એક ઉત્તમ સ્થળ બનાવી શકે છે. સકારાત્મક શૈક્ષણિક વાતાવરણ જાળવવાની જવાબદારી પ્રિન્સિપાલની છે. વિદ્યાર્થીઓ આમ કરવાનું યાદ રાખીને મદદરૂપ થઈ શકે છે:

- સુરક્ષિત, જવાબદાર અને શાંત રહેવું
- સહુ સમકક્ષો અને વડીલો સાથે આદરપૂર્ણ રહેવું
- સ્કૂલની સંપત્તિ સાચવવી
- સ્કૂલમાં અને વર્ગોમાં સમયસર પહોંચવું
- વર્ગ માટે તૈયાર રહીને, જેમાં એસાઇનમેન્ટ અને વસ્તુઓ લાવવાનો સમાવેશ થાય છે
- પોતાના શિક્ષણમાં સહભાગી થઈને
- માયાળુ બની અને યોગ્ય ભાષાનો ઉપયોગ કરીને
- યોગ્ય કપડા પહેરીને
- સ્કૂલ અને તેના શિક્ષકોના નિયમોનું પાલન કરીને
- બીજાઓમાં અંતરને સ્વીકારી અને તેનું માન જાળવીને
- મદદરૂપ અને યોગ્ય રીતોએ તેઓ કેવું અનુભવી રહ્યાં છે અથવા તેઓને શેની જરૂર છે તે વ્યક્ત કરીને
- સ્વીકાર્ય રીતોએ અસંમતિઓનું સમાધાન કરીને

**સ્કૂલવ્યાપી સકારાત્મક વર્તણૂંક સહાયતા (સ્કૂલવાઇડ પૉઝિટિવ બિહેવિયર સપોર્ટ્સ SWPBIS)**

નવ (9) FHSD સ્કૂલોએ વાંછિત વર્તણૂંક શીખવવા અને જેમને વધારાની મદદની જરૂર હોય તેવા વિદ્યાર્થીઓને સહાયતા કરવાના અભિગમ તરીકે સ્કૂલ-વ્યાપી PBIS સ્વીકાર્યા છે. બધી સ્કૂલોને રાજ્ય સ્તરે સ્વીકૃતિ મળેલ છે.

**ચારિત્ર્ય શિક્ષણ**

અનેક FHSD સ્કૂલોમાં સુસ્થાપિત ચારિત્ર્ય શિક્ષણ કાર્યક્રમો છે જે બૌદ્ધિક, સામાજિક અને નૈતિક વિકાસ મારફતે બાળકોમાં સકારાત્મક ગુણો વિકસિત કરીને "કાળજી રાખનાર વિદ્યાર્થીઓનો સમુદાય" નિર્મિત કરે છે. ડિસ્ટ્રિક્ટમાં ત્રણ (3) એવી શાળાઓ છે જેમણે મિસૌરી સ્કૂલ ઑફ કેરેક્ટરનું પદ મેળવ્યુ છે અને બે (2) એવી શાળાઓ છે જેમણે નેશનલ સ્કૂલ ઑફ કેરેક્ટર તરીકેનું માન મેળવ્યું છે.

**લીડર ઇન મી (મારામાંનો નેતા)**

વિદ્યાર્થીઓમાં નેતૃત્વ વિકસાવવા માટે અનેક FHSD સ્કૂલો એ કોવીના લીડર ઇન મીને અપનાવ્યું છે. *The 7 Habits of Highly Effective People* (અત્યંત પ્રભાવશાળી લોકોની 7 આદતો) પર આધારિત, લીડર ઇન મી વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ અને 21મી સદીના અર્થતંત્રમાં પ્રગતિ કરવા માટે તેમને જે કૌશલ્યોની જરૂર છે તેનાથી સુસજ્જિત કરે છે. લીડર ઇન મી સ્કૂલો એકધારી વધુ સારી શાળાકીય સંસ્કૃતિ અને અનુશાસન સંબંધી સમસ્યાઓમાં સમગ્રરૂપે ઘટાડાનો રિપોર્ટ કરે છે.

ફ્રાન્સિસ હૉવેલ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ વિદ્યાર્થી આચાર સંહિતા અયોગ્ય કે ખલેલ પાડનાર ગણાય તેવી વિદ્યાર્થીની વર્તણૂંકનું વર્ણન કરે છે. એ અનેક પ્રક્રિયાઓ પણ પૂરી પાડે છે જેનો ઉપયોગ આવી વર્તણૂંકને રોકવા માટે અને જો વિદ્યાર્થી ઉલ્લેખ કરાયેલ વર્તણૂંક કરે, તો જેનો ઉપયોગ કરી શકાય તેવી અનુશાસનાત્મક પ્રતિક્રિયાઓ પણ પૂરી પાડે છે. ફ્રાન્સિસ હૉવેલ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ એવી હસ્તક્ષેપ પ્રક્રિયાના ઉપયોગનું પણ સમર્થન કરે છે જે વિદ્યાર્થીઓને શાળામાં સફળતા માટે માર્ગદર્શન, દિશા નિર્દેશ અને મદદ પૂરાં પાડે છે.

# વર્ગખંડમાં શિસ્ત સંબંધી માર્ગદર્શિકા



વિદ્યાર્થીઓ સાથે સકારાત્મક સંબંધો બનાવવા તે પ્રભાવી વર્ગખંડ પ્રબંધનનો મુખ્ય આધાર છે. શિક્ષણને અનુકૂળ હોય તેવું વર્ગખંડ વાતાવરણ જાળવવાની જવાબદારી શિક્ષકોની છે. ડિસ્ટ્રિક્ટ પોતાની સંભાળ રાખે અને નિરીક્ષણ કરે તેવો કાળજી કરનાર સમુદાય બનાવવા માટે કમ્યુનિટી બિલ્ડિંગ સર્કલ્સને પ્રોત્સાહન આપે છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે મજબૂત, સકારાત્મક સંબંધો ધરાવતા વર્ગખંડોમાં રોમાંચક શિક્ષણ વાતાવરણને પ્રોત્સાહન મળે છે. અમારું માનવું છે કે જે શૈક્ષણિક સમુદાયમાં વિદ્યાર્થીઓ એક-બીજા સાથે સહયોગ કરે અને જે તેઓને સમાજ અને કાર્યબળ માટે તૈયાર કરે તેમાં શ્રેષ્ઠ શિક્ષણની પ્રાપ્તિ થાય છે. વર્ગખંડમાં ખલેલ અથવા ખલેલના સંયોજનમાં વધુ પડતી વાતો કરવી, પોતાની બેઠકથી બહાર હોવું, વસ્તુઓ ફેંકવી, બીજાઓને ખલેલ પાડવો, ઇલેક્ટ્રોનિક ડિવાઇસિસનો અયોગ્ય ઉપયોગ કરવો, એકબીજાને ચિઠ્ઠીઓ મોકલવી અને/અથવા એવી અન્ય પ્રવૃત્તિઓ જે શૈક્ષણિક પ્રક્રિયામાં ખલેલ પાડે, તે સ્વીકાર્ય નથી. વિદ્યાર્થી આચાર સંહિતા એ વિદ્યાર્થીઓને પણ લાગુ પડશે જે ડિસ્ટ્રિક્ટના વર્ચ્યૂઅલ સેટિંગમાં ભણતા હશે. વર્તણૂક સંબંધી ઉલ્લંઘનોને વિદ્યાર્થી રૂબરૂ શાળામાં હાજરી આપતા હોય તે રીતે જ કોડ કરવામાં આવશે.

**અનુશાસનાત્મક કાર્યવાહીનાં પગલાં**

| | |
|---|---|
| શરુઆતમાં સમસ્યા | શિક્ષક વિદ્યાર્થી સાથે વાત કરે છે |
| ચાલુ રહેલ સમસ્યા | શિક્ષક વિદ્યાર્થીને ચેતવણી આપે છે |
| | શિક્ષક માતાપિતા/વાલી(ઓ)નો સંપર્ક કરી શકે છે |
| ચેતવણી પછી સમસ્યા દૂર થતી નથી | શિક્ષક ડિટેન્શન આપવાનું પસંદ કરી શકે અથવા વિદ્યાર્થી અને/અથવા માતાપિતા/વાલી(ઓ) સાથે સમસ્યાના સમાધાન માટે સંયુક્ત મીટિંગ યોજી શકે છે |
| ડિટેન્શન અથવા મીટિંગ પછી સમસ્યા દૂર થતી નથી | શિક્ષક વિદ્યાર્થીને પ્રિન્સિપાલની કચેરીમાં મોકલે છે |

**મોડા પડવા સંબંધી નીતિ**

જ્યારે વિદ્યાર્થીઓ બેલ વાગી જાય પછી ક્લાસમાં પહોંચશે ત્યારે શિક્ષક/પ્રિન્સિપાલ તેમને ડિટેન્શન આપશે. કેટલી વાર મોડા પડેલ વિદ્યાર્થીને ડિટેન્શન મળશે તે બિલ્ડિંગના સ્તરે નક્કી કરવામાં આવશે. અનેક વાર મોડા પડ્યા પછી વિદ્યાર્થીને આગળ શિસ્તનાં પગલાં માટે કચેરીમાં રેફરલ આપવામાં આવી શકે છે.

# વર્તણૂંક સંબંધી ઉલ્લંઘનો અને સ્તરોનો પરિચય



ફ્રાન્સિસ હૉવેલ સ્કૂલ ડિસ્ટ્રિક્ટની નીતિઓ સુરક્ષા, સિદ્ધિ અને અંગત સફળતા માટે ઉપયોગમાં લેવાતા એક સકારાત્મક શૈક્ષણિક પર્યાવરણમાં યોગદાન કરવા બનાવવામાં છે. કોવિડ-19 રોગચાળા દરમિયાન વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને સુરક્ષિત રાખવા આ શાળાકીય વર્ષ દરમિયાન ડિસ્ટ્રિક્ટની મુખ્ય પ્રાથમિકતાઓમાંથી એક રહેશે. વિદ્યાર્થીઓ પાસે ડિસ્ટ્રિક્ટે નક્કી કરેલ બધા સુરક્ષા પ્રોટોકૉલ અનુસરવાની અપેક્ષા રાખવામાં આવશે (સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક પહેરવો, સાચી રીતે બસમાં ચઢવું, વિ). કર્મચારીઓ સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા અને માસ્ક પહેરવાની અપેક્ષા વિશે યાદ કરાવતા રહેશે. વારંવાર યાદ કરાવાયા છતા અને માંગણી કરાયા છતા તેનું પાલન ન કરવાથી સ્કૂલ દ્વારા શિસ્તના પગલાં લેવામાં આવશે, જેમાં વિદ્યાર્થી ડિસ્ટ્રિક્ટના વર્ચ્યૂઅલ શિક્ષણ પ્રોગ્રામમાં નોંધણી કરાવે તેવો આગ્રહ રાખવા સુધીની કાર્યવાહી કરવામાં આવી શકે છે.

તેથી, આગળના પાનાંઓમાં ફ્રાન્સિસ હૉવેલ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દ્વારા વ્યાખ્યા કરાયેલ વર્તણૂંક સંબંધી ઉલ્લંઘનો અને તેની સાથે તેને અનુરૂપ શિસ્તન પગલાં દર્શાવવામાં આવશે.

પરિણામોના સ્તર એલિમેન્ટરી અને સેકન્ડરીમાં અલગ-અલગ હોઈ શકે છે. એ યાદ રાખવું મહત્ત્વનું છે કે શિસ્તનો એકમાત્ર ઉદ્દેશ્ય વાંછિત, યોગ્ય વર્તણૂંક શીખવવાનો અને ભવિષ્યમાં અયોગ્ય વર્તણૂંક થતી રોકવાનો છે.

આગળના પાનાંઓમાં સૂચીબદ્ધ વર્તણૂંક સંબંધી ઉલ્લંઘનોને બધા વિદ્યાર્થીઓ સાથે તેમની ઉંમરને ધ્યાનમાં રાખીને ચર્ચવામાં આવશે. માતાપિતાને આ ઉલ્લંઘનોની તેમના બાળકો સાથે ચર્ચા કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે.

સ્કૂલની ટ્રિપ અથવા અન્ય સ્કૂલની પ્રવૃત્તિઓ, જેમાં સ્કૂલ દ્વારા યોગ્ય રીતે સોંપાયેલ કર્મચારીના અધિકારમાં સ્કૂલના પરિસરની બહાર થતી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. ડિસ્ટ્રિક્ટની બધી નીતિઓ અને નિયમો આ પ્રવૃત્તિઓ દરમિયાન અમલી રહેશે, વાત એલિમેન્ટરી સ્કૂલના વિદ્યાર્થીઓની હોય કે સેકન્ડરી (મિડલ અને હાઈ સ્કૂલ). ફીલ્ડ ટ્રિપ અને FHSDની સંપત્તિની બહાર થતી પ્રવૃત્તિઓમાં થયેલ ઉલ્લંઘનો માટે વિદ્યાર્થીઓને વિદ્યાર્થી આચાર સંહિતા પ્રમાણે જવાબદાર માનવામાં આવશે.

જો તે ઘટનાની શાળા સાથે કોઈ લેવાદેવા (સંબંધ) હોય કે પછી ઘટનાથી સ્કૂલના વાતાવરણમાં ખલેલ પડે, તો FHSD કેમ્પસની બહાર બનેલ ઘટનાઓ માટે શાળામાં શિસ્તનાં પગલાં લઈ શકશે અને લેશે

**વિદ્યાર્થી આચાર સંહિતા એ દરેક અપરાધનું વર્ણન કરે જેના લીધે અનુશાસનાત્મક કાર્યવાહી કરવી પડી શકે તેવી અપેક્ષા રાખી ન શકાય. તેમ છતાં, ડિસ્ટ્રિક્ટ એવા કોઈપણ પરિણામ લાગુ પાડવાનો અધિકાર સુરક્ષિત રાખે છે, જે સમસ્યાની પરિસ્થિતિમાં તેના પ્રકાર, તીવ્રતા અને તે કેટલી વાર થાય છે તેના આધારે જે-તે પરિસ્થિતિમાં યોગ્ય હોય.**

# વર્તણૂંક સંબંધી ઉલ્લંઘનો

| અયોગ્ય અથવા ખલેલ પાડતી વર્તણૂંક | સ્તર 1 | સ્તર 2 | સ્તર 3 | સ્તર 4 |
|---|---|---|---|---|
| **બધી વર્તણૂંક હાનિકર્તા** | | | | |
| શાળાના વ્યવસ્થિત કાર્યક્રમ ને, જે વધીને અતિક્રમણ બને છે. આ વર્ગનો ઉપયોગ એવા ઉલ્લંઘનો માટે કરવામાં આવી શકે જે ઉલ્લંઘનના વર્ણનોમાંથી કોઈની હેઠળ આવતા ન હોય. | • | • | • | • |
| **ગુનાહિત આગ** | | | | |
| જાણીજોઈને કે વિચાર્યા વિના બીજી વ્યક્તિની સંપત્તિને આગ લગાડવી. **શાળા પ્રશાસન પોલિસને રેફરલ કરશે.** | | | • એલિમેન્ટરી | • |
| **આક્રમક વર્તણૂંક** | | | | |
| જો પ્રિન્સિપાલ/તેમના પ્રતિનિધિ તેને પૂરતી ગંભીર માને તો તેને સ્તર 3નું અતિક્રમણ માનવામાં આવી શકે. | | • | • | |
| **અન્ય વિદ્યાર્થી અથવા કર્મચારી પર હુમલો કરવો** | | | | |
| શારીરિક ઇજા પહોંચાડવાના ઇરાદાથી શારીરિક બળના ઉપયોગ દ્વારા. **શાળા પ્રશાસન પોલિસને રેફરલ કરશે.** | | • એલિમેન્ટરી | • | |
| **બૉમ્બની બીક/ધમકી** | | | | |
| વિસ્ફોટકો ફોડવાની ધમકી આપવી, જેમાં લેખિત કે ફોન વડે ધમકી આપવાનો સમાવેશ થાય છે; વ્યાખ્યા પ્રમાણે આતંકવાદીની ધમકી (શબ્દાવલિ જુઓ). **શાળા પ્રશાસન પોલિસને રેફરલ કરશે.** | | | | • |
| **દાદાગીરી** | | | | |
| દાદાગીરી કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમૂહ દ્વારા કોઈને ડરાવવા માટે કરાતી પ્રવૃત્તિ છે, જેમાં વણજોઇતી આક્રમક વર્તણૂંક, કે પછી સતામણી જે વારંવાર થતા હોય અથવા ફરીથી થવાની ઘણી શક્યતા હોય અને કોઈ સમજદાર વિદ્યાર્થીને તેઓની શારીરિક સુરક્ષા અથવા સંપત્તિ માટે ચિંતિત કરે; જેનાથી કોઈપણ અપવાદ વિનાક કોઈ વિદ્યાર્થીના શૈક્ષણિક કાર્ય પ્રદર્શન, અવસરો, કે લાભોમાં હસ્તક્ષેપ કરે; અથવા શાળાના વ્યવસ્થિત સંચાલનમાં મોટી ગરબડ ઊભી કરે. દાદાગીરીમાં શારીરિક ક્રિયા, જેમાં ઇશારા, અથવા મૌખિક સાઇબર દાદાગીરી, ઇલેક્ટ્રોનિક કે લિખિત સંચાર અને દાદાગીરીનો રિપોર્ટ કરવામાં આવે તો વેર વાળવાની ધમકીનો સમાવેશ થાય છે. જો પ્રિન્સિપાલ/તેમના પ્રતિનિધિ તેને પૂરતું ગંભીર માને તો તેને સ્તર 2, 3 કે 4 નું અતિક્રમણ માનવામાં આવી શકે. | • | • | • | • |
| **પરીક્ષામાં ચોરી/લખાણની ચોરી** | | | | |
| જે તે પરીક્ષામાં/એસાઇનમેન્ટમાં શૂન્ય મળવાનો દંડ થાય છે અને શિક્ષક માતાપિતા/વાલી(ઓ) અને એડમિનિસ્ટ્રેટરને ને સમસ્યાની જાણ કરે છે; આમાં ઇલેક્ટ્રોનિક ચોરીનો સમાવેશ થાય છે. અનેક ઘટનાઓ થાય તો સ્તર 2નું અતિક્રમણ થઈ શકે છે. | • | | | |
| **વિદ્યાર્થીઓ અથવા વડીલોનો અનાદર** | | | | |
| તેમાં શબ્દો, અવાજના ટોન, ચહેરના હવાભાવ, લેખિત અભિવ્યક્તિ કે ઈશારાનો સમાવેશ થાય છે, પણ તેના સુધી સીમિત નથી. | • | | | |
| **ખલેલ પાડનાર વર્તણૂંક** | | | | |
| એવી વર્તણૂંક જે જાણીજોઈને શિક્ષણમાં અથવા વિદ્યાર્થીઓને સુરક્ષિત રીતે લાવવા-લઈ જવામાં ખલેલ પાડવાના ઇરાદાથી કરવામાં આવી હોય જેમાં વધુ પડતી વાતો કરવી, બેઠક પરથી ઉઠી જવું, વસ્તુઓ ફેંકવી, બીજાઓને ખલેલ પાડવી, ચિઠ્ઠીઓ મોકલવી અને/અથવા બીજી અન્ય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે (દા. ત. તોફાન) જે શૈક્ષણિક પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરે. વિદ્યાર્થી દ્વારા કરાયેલ તોફાનો આ ભંગ માનવામાં આવી શકે છે. જો પ્રિન્સિપાલ/તેમના પ્રતિનિધિ તેને પૂરતું ગંભીર માને તો તેને સ્તર 2, 3 કે 4 નું અતિક્રમણ માનવામાં આવી શકે. | • | • | • | • |
| **અપમાનજનક ભાષા અથવા વર્તણૂંક** | | | | |
| તેમાં વ્યક્તિનું તેની જાતિ, રંગ, લિંગ, મૂળ રાષ્ટ્રીયતા, ઉંમર, મૂળ વંશ, અક્ષમતા, ધર્મ, જાતીય પસંદગી કે માનેલી જાતીય પસંદગીના કારણે તેમનું અપમાન કરવા માટે નફરત ભરેલી ભાષાનો ઉપયોગ કરવા સહિત પણ તેના સુધી સીમિત નહીં સામેલ છે (તેના પરિણામે ટાઇટલ IX અથવા ટાઇટલ VI રેફરલ પણ થઈ શકે). આમાં વર્તણૂંક, શાબ્દિક, લિખિત કે પ્રતીકાત્મક ભાષણનો સમાવેશ થાય છે. જો પ્રિન્સિપાલ/તેમના પ્રતિનિધિ તેને પૂરતી ગંભીર માને તો તેને સ્તર 3નું અતિક્રમણ માનવામાં આવી શકે. | | • | • | |

# વર્તણૂંક સંબંધી ઉલ્લંઘનો

| અયોગ્ય અથવા ખલેલ પાડતી વર્તણૂંક | સ્તર 1 | સ્તર 2 | સ્તર 3 | સ્તર 4 |
|---|---|---|---|---|
| **ડ્રેસ કોડનું ઉલ્લંઘન** | | | | |
| શાળાના ડ્રેસ કોડનું ઉલ્લંઘન થતું હોય, સ્કૂલની પ્રવૃત્તિઓ માટે અયોગ્ય હોય અને/અથવા શૈક્ષણિક પ્રવૃત્તિમાં વિક્ષેપકારક હોય તેવા કપડા પહેરવા અથવા દેખાવ રાખવો, આમાં ઢીલા-લબડતા/અંગ પ્રદર્શન કરતા કપડા, આંતરવસ્ત્રો દેખાડવા, સ્પાઇક અને/અથવા સાંકળ પહેરવી, અથવા કપડા/માસ્ક પર અયોગ્ય પ્રિંટ હોય (દા.ત જાતીય અર્થ, ડ્રગ્સ, નશીલા પીણાં, બંદૂકો, ગેરકાનૂની પ્રવૃત્તિઓ વિ.) નો સમાવેશ થાય છે પણ તેના સુધી સીમિત નથી. પ્રિન્સિપાલ વિદ્યાર્થીને તેના માતાપિતા પાસે બદલવા માટે યોગ્ય કપડા મંગાવવા કહી શકે છે. જો વિદ્યાર્થીને એવા કપડા મંગાવવા કહેવામાં આવ્યું હોય જે ડ્રેસકોડ મુજબના હોય અને પછીથી ખબર પડે કે વિદ્યાર્થી હજુ પણ ડ્રેસ કોડનું ઉલ્લંઘન કરે છે, તો વધારાના શિસ્તનાં પગલાં લેવામાં આવી શકે છે. | • | | | |
| **ડ્રાઇવિંગ/પાર્કિંગ સંબંધી ઉલ્લંઘન** | | | | |
| અનધિકૃત વિસ્તારમાં પાર્ક કરવું, પરમિટ વિના પાર્ક કરવું અથવા વિદ્યાર્થી વાહનચાલકો માટે નિર્ધારિત માર્ગદર્શિકાનું પાલન ન કરવું. પાર્કિંગ લૉટમાં બેપરવાઈથી ડ્રાઇવિંગ કરવું. નિયમોનું પાલન ન કરવાથી પાર્કિંગનો અધિકાર પાછો ખેંચાઇ શકે અથવા બીજા અનુશાસનના પગલાં લેવાઈ શકે છે. | • | | | |
| **ઇલેક્ટ્રૉનિક ડિવાઇસિસનો દુરુપયોગ** | | | | |
| સ્વીકૃતિ ન અપાયેલી હોય તેવા શાળાના કલાકો દરમિયાન ફોન અથવા કોઈ ભણવા માટે ન વપરાતા ઇલેક્ટ્રૉનિક ડિવાઇસ ને ચલાવવું અથવા બતાવવું, જેમાં હેડફોન, આઇપૉડ, ડીવીડી, ઈરીડર વિ.નો સમાવેશ થાય છે પણ તેમના સુધી સીમિત નથી. ડિવાઇસને નુકસાન થાય, તે ખોવાઈ અથવા ચોરાઈ જાય તો તે માટે ડિસ્ટ્રિક્ટ જવાબદાર નથી. આમાં અયોગ્ય, અનધિકૃત ઉપયોગ, શાળાના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અથવા શાળાના દસ્તાવેજોની અનધિકૃત છબી લેવી, તે ટ્રાંસમિટ કરવી કે તેની નકલ કરવાનો સમાવેશ થાય છે. એ વાતની નોંધ લેવાવી જોઈએ કે શૌચાલય કે લૉકર રૂમમાં ફોટા પાડવાની પરવાનગી નથી અને તે સ્તર 2 અથવા 3નું અતિક્રમણ માનવામાં આવશે. જપ્ત કરાયેલ ડિવાઇસિસની અયોગ્ય મેસેજ અને/અથવા ફોટા માટે તપાસ કરવામાં આવી શકે છે. **અયોગ્ય સામગ્રી ભલે ગમે ત્યાંથી આવી હોય, તેમના ફોન પરની સામગ્રી બાબતે વિદ્યાર્થીને જવાબદાર ઠેરવવામાં આવશે.** કેટલાંક કિસ્સાઓમાં, આ વસ્તુઓનો ઉપયોગ શૈક્ષણિક ઉદ્દેશ્યો માટે શિક્ષકની સમજ પ્રમાણે અથવા કોઈ એડમિનિસ્ટ્રેટરે સ્વીકૃતિ આપી હોય તે મુજબ ઇનસેન્ટિવ તરીકે કરવાની પરવાનગી આપવામાં આવશે. | • | | | |
| **ખોટા આક્ષેપો** | | | | |
| વિદ્યાર્થીઓ કે કર્મચારીઓ વિરુદ્ધ જાણીજોઈને કરાયેલા. જો બિલ્ડિંગ એડમિનિસ્ટ્રેટર તેને પૂરતું ગંભીર માને, તો તેને સ્તર 3નું અતિક્રમણ માનવામાં આવી શકે છે. | | • | • | |
| **ખોટું અલાર્મ/આગ માટેના ઉપકરણોનો દુરુપયોગ** | | | | |
| સંકટકાલીન ઉપકરણોમાં અનધિકૃત ફેરફાર કરવા, અથવા ખોટેખોટું અલાર્મ ચલાવવું અથવા ખોટો રિપોર્ટ કરવો (દા.ત. 911 ડાયલ કરવું). જો પ્રિન્સિપાલ/તેમના પ્રતિનિધિ તેને પૂરતું ગંભીર માને તો તેને સ્તર 3નું અતિક્રમણ માનવામાં આવી શકે. | | • | • | |
| **લઢવું** | | | | |
| પરસ્પર સંપર્કમાં હોય ત્યારે બીજા વ્યક્તિને શારીરિક માર મારવો (આ હુમલાથી અલગ છે), અથવા એવા શબ્દો કે કાર્યોનો ઉપયોગ કરવો જેનાથી લઢી પડાય અથવા લઢાઈ થઈ જાય. **લઢાઇને રેકોર્ડ કરવી અને કોઈપણ રીતે શેર કરવી અથવા લઢાઈને સોશિયલ મીડિય પરવા પોસ્ટ કરવી આ ઉલ્લંઘનમાં સામેલ છે.** જો પ્રિન્સિપાલ/તેમના પ્રતિનિધિ તેને પૂરતું ગંભીર માને તો તેને સ્તર 3નું અતિક્રમણ માનવામાં આવી શકે. | | • | • | |
| **ફટાકડા** | | | | |
| ફટાકડા રાખવા અથવા ફોડવા. | | •<br>એલિમેન્ટરી | • | |
| **નકલી સહી કરવી** | | | | |
| માતાપિતા/વાલીની સહી (આમાં ફોન પર માતા/પિતા હોવાનો ખોટો દાવો કરવાનો સમાવેશ થાય છે), શિક્ષક અથવા આધિકારિક સહીની નકલ કરવી (હૉલ પાસ, એડમિટ સ્લિપ) વિ. 9 | • | | | |

# વર્તણૂંક સંબંધી ઉલ્લંઘનો

| અયોગ્ય અથવા ખલેલ પાડતી વર્તણૂંક | સ્તર 1 | સ્તર 2 | સ્તર 3 | સ્તર 4 |
|---|---|---|---|---|
| **ગેંગ/ગેંગના ચિહ્નો** | | | | |
| કોઈ ખાનગી સોસાઇટી અથવા "ક્લબ"નું સભ્યપદ જે શાળાના વ્યવસ્થિત કામ કરવામાં હાનિકારક હોય; ગેંગના ચિહ્નો કે પ્રતીકો દેખાડવા અને/અથવા લખવા. | | ● | | |
| **પ્રેમનું અયોગ્ય પ્રદર્શન** | | | | |
| અયોગ્ય પ્રદર્શનમાં પરસ્પર સંમતિથી ચુંબન કરવા અને અંગોપાંગોને પંપાળવાનો સમાવેશ થાય છે. | ● | | | |
| **અભદ્ર પ્રદર્શન/કપડાં કાઢવા** | | | | |
| આમાં નિતંબ અને અથવા જનનાંગોનું જાહેરમાં પ્રદર્શન અથવા કોઈ બીજા વ્યક્તિના કે પોતાના કપડાં ઉતારવા જેથી શરીરનો કોઈ અંગત ભાગ અને/અથવા અંડરવેર દેખાય નો સમાવેશ થાય છે. "પેન્ટ્સિંગ" (વ્યક્તિની પરવાનગી વગર તેના પેન્ટ અને/અથવા આંતરવસ્ત્રો ઉતારવા) આ ઉલ્લંઘનમાં આવે છે આના પરિણામે બિલ્ડિંગના કમ્પ્લાયન્સ ઑફિસર (અનુપાલન અધિકારી) ને રેફરલ કરવામાં આવી શકે છે. . જો પ્રિન્સિપાલ/તેમના પ્રતિનિધિ તેને પૂરતું ગંભીર માને તો તેને સ્તર 3નું અતિક્રમણ માનવામાં આવી શકે. | | ● | ● | |
| **ઇન-સ્કૂલ સસ્પેન્શન (ISS/ISAP) માર્ગદર્શિકા** | | | | |
| ઇન-સ્કૂલ સસ્પેન્શન માર્ગદર્શિકાનું પાલન ન કરવું. | | ● | | |
| **અવજ્ઞા (સત્તાધિકારીનો વિરોધ/આજ્ઞાનો સીધો અનાદર)** | | | | |
| કર્મચારીની સૂચના કે વિનંતિને અનુસરવાનો ઇન્કાર કરવો અથવા કર્મચારીના અધિકારનો વિરોધ. | ● | | | |
| **લૉકર રૂમ/શૌચાલયમાં ઉલ્લંઘન** | | | | |
| શૌચાલયની સામગ્રી (સાબુ, પાણી, પેપર ટૉવેલ, ટૉઇલેટ પેપર)નો દુરુપયોગ. "વિપરીત લિંગ" ના લૉકર રૂમ કે શૌચાલયમાં દાખલ થવું (આમાં બીજા વ્યક્તિને વિપરીત લિંગના લૉકર રૂમ કે શૌચાલયમાં ધક્કો મારવાનો સમાવેશ થાય છે) સ્તર 2નું અતિક્રમણ છે. | ● | ● | | |
| **જૂઠું બોલવું** | | | | |
| જાણી જોઈને ખોટી કે અધૂરી માહિતી આપવી. | ● | | | |
| **બિલ્ડિંગમાં અયોગ્ય રીતે ફરવું** | | | | |
| બિલ્ડિંગમાંથી શાંતિથી પસાર ન થવું; લાઇનમાં ન ચાલવું; બિલ્ડિંગમાં દોડવું; સીધા રસ્તાઓનો ઉપયોગ ન કરવો; પરવાનગી વિના નિર્ધારિત ક્ષેત્રમાંથી બહાર નિકળવું. | ●<br>એલિમેન્ટરી | | | |
| **બેદરકારીભરી વર્તણૂંક** | | | | |
| બીજી વ્યક્તિની સંપત્તિને નુકસાન પહોંચાડવું અથવા બીજી વ્યક્તિનિ સુરક્ષા ને જોખમમાં મૂકવી (કોવિડ-19ને ફેલાતો રોકવા માટે માસ્ક ન પહેરવો, "શૉક" આપે તેવા રમકડાનો ઉપયોગ, લેબના સુરક્ષા નિયમોનું ઉલ્લંઘન અને અન્ય બેજવાબદાર વર્તણૂંકનો સમાવેશ થાય છે પણ તેના સુધી સીમિત નથી). વિદ્યાર્થીઓના અટકચાળા પણ આ વર્ગમાં સામેલ હોઈ શકે છે. | | ● | | |
| **ઓવર ધ કાઉન્ટર પદાર્થો** | | | | |
| પ્રિસ્ક્રિપ્શન વિના મળતી દવાઓ સહિત વસ્તુઓ **રાખવી** અથવા વાપરવી, પણ તેના સુધી સીમિત નહીં, એ **સ્તર 2નું અતિક્રમણ** છે. (પ્રિસ્ક્રિપ્શન વિના મળતી દવાઓ સહિત, પણ તેના સુધી સીમિત નહી) તેવી શૈક્ષણિક વાતાવરણમાં ખલેલ પડે તેવી વર્તણૂંકનું કારણ બનતી દવાઓ **વહેંચવી, વેચવી કે ખરીદવી** અથવા "ઓવર ધ કાઉન્ટર" દવાઓના પ્રભાવ હેઠળ રહેવું એ **સ્તર 3 નું અતિક્રમણ** છે. | | ● | ● | |
| **શારીરિક સંપર્ક/શારીરિક ઇજા** | | | | |
| અયોગ્ય સંપર્ક અથવા વ્યવહાર (દા.ત. ધક્કામુક્કી કરવી, રમતમાં લઢાઈ કરવી કે પછી તોફાન). શારીરિક ઇજા એટલે "ખોટી-ખોટી" લઢાઈ, મારવું, લાફો મારવો, મુક્કો મારવો કે એવું ટીખળ કરવું જેનાથી કોઈ વિદ્યાર્થી અથવા વડીલને શારીરિક ઇજા થઈ શકે. જો પ્રિન્સિપાલ/તેમના પ્રતિનિધિ તેને પૂરતું ગંભીર માને તો તેને સ્તર 2નું અતિક્રમણ માનવામાં આવી શકે. | ● | ● | | |

# વર્તણંક સંબંધી ઉલ્લંઘનો

| અયોગ્ય અથવા ખલેલ પાડતી વર્તણૂંક | સ્તર 1 | સ્તર 2 | સ્તર 3 | સ્તર 4 |
|---|---|---|---|---|
| **પૉર્નોગ્રાફી** | | | | |
| પૉર્નોગ્રાફિક અથવા અશ્લીલ ગણી શકાય અને/અથવા યૌન દૃષ્ટિએ ઉઘાડા હોય, જેમાં કોઈ ઇલેક્ટ્રૉનિક ડિવાઇસ પરના ફોટા/લિખિત સંચારનો સમાવેશ થાય છે, તેવી સામગ્રી હોવી. **સામગ્રી ભલે ગમે ત્યાંથી આવી હોય, તેમના ફોન પરની બધી સામગ્રીની જવાબદારી વિદ્યાર્થીની છે.** સામગ્રીના પ્રકાર આધારે સ્તર 3નું અતિક્રમણ માની શકાય | | ● | ● | |
| **તે હોવું, તેનો ઉપયોગ કરવો અથવા તેના નશામાં હોવું** | | | | |
| દારૂ, "આલ્કોહોલ વિનાના" માલ્ટના પીણાં, ગેરકાયદે ડ્રગ્સ, પ્રિસ્ક્રિપ્શન વગર મળતા કાયદેસરના સિંથેટિક પદાર્થો જેનાથી નુકસાન થઈ શકે, પ્રિસ્ક્રિપ્શનથી મળતી દવાઓ, કે નિયંત્રિત પદાર્થોના; અથવા દારૂ કહેવાયેલ વસ્તુ, "આલ્કોહોલ વિનાના" માલ્ટના પીણાં, ગેરકાયદે ડ્રગ્સ, પ્રિસ્ક્રિપ્શન વગર મળતા કાયદેસરના સિંથેટિક પદાર્થો જેનાથી નુકસાન થઈ શકે, પ્રિસ્ક્રિપ્શનથી મળતી દવાઓ, કે નિયંત્રિત પદાર્થોના; કે પછી ડ્રગ્સ માટેના સાધન સરંજામ (દા.ત. ત્રાજવા, પાઇપ) અથવા ગેરકાયદે અથવા નિયંત્રિત પદાર્થોના ઉપયોગ માટે દવાઓના સાધન સરંજામ તરીકે પ્રસ્તુત કરાયેલ વસ્તુઓના (વિદ્યાર્થી દારૂ/ડ્રગના દુરુપયોગ સંબંધી સંહિતા જુઓ). **શાળા પ્રશાસન પોલિસને રેફરલ કરશે.** | | | ● | |
| **ચોરીનો માલ હોવો** | | | | |
| $100.00થી ઓછી કિંમતની ચોરાયેલી વસ્તુ હોવી તે સ્તર 1નું અતિક્રમણ છે અને $100.00 થી વધુની હોવી તે સ્તર 2નું અતિક્રમણ છે. | ● | ● | | |
| **રેકૉર્ડ/દસ્તાવેજ/ડિસ્ટ્રિક્ટની ફાઇલો હોવી** | | | | |
| સ્કૂલ, વિદ્યાર્થીના રેકૉર્ડ અથવા દસ્તાવેજોની ચોરી અને/અથવા તેમાં ફેરફાર કરવો (તેમાં ઇલેક્ટ્રૉનિક રૂપમાં ગ્રેડબુક્સ, રિપોર્ટ કાર્ડ, કમ્પ્યૂટર સૉફ્ટવેર અથવા હાર્ડડ્રાઇવ, ડિસ્ટ્રિક્ટ નેટવર્ક્સ, કમ્પ્યૂટર રેકૉર્ડ, પાસવર્ડ વગેરે હેક કરવા અને ડાઉનલોડ કરવા વિ. નો સમાવેશ થાય છે પણ તેના સુધી સીમિત નથી). | | | ● | |
| **ધાંધલ-ધમાલ** | | | | |
| કોઈ લઢાઈમાં કે લઢાઈ જેવી કે લઢાઈનું કારણ બનતી પ્રવૃત્તિ જેમાં 2થી વધુ વિદ્યાર્થીઓ સામેલ હોય. | | | ● | |
| **નિયમોનું ઉલ્લંઘન** | | | | |
| કૈફેટેરિયા, રમતના મેદાન, લંચરૂમ, હૉલવેના નિયમોનું પાલન ન કરવું, સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમો અને સ્કૂલના કામના નિયમોનું ઉલ્લંઘન કરવું. | ● | | | |
| **વેચાણ, વહેંચણી કે વિતરણ** | | | | |
| દારૂ, "આલ્કોહોલ વિનાના" માલ્ટના પીણાં, ગેરકાયદે ડ્રગ્સ, પ્રિસ્ક્રિપ્શન વગર મળતા કાયદેસરના સિંથેટિક પદાર્થો જેનાથી નુકસાન થઈ શકે, પ્રિસ્ક્રિપ્શનથી મળતી દવાઓ, કે નિયંત્રિત પદાર્થોનું અથવા એવી કોઈપણ વસ્તુનું જેને વેચનાર વ્યક્તિ અગાઉ ઉલ્લિખિત વસ્તુઓમાંથી એક કહે (જુઓ વિદ્યાર્થી દારૂ/ નશીલા પદાર્થોના દુરુપયોગ સંબંધી સંહિતા). **શાળા પ્રશાસન પોલિસને રેફરલ કરશે.** | | ● એલિમેન્ટરી | ● | |
| **જાતીય દુર્વ્યવહાર** | | | | |
| જબરદસ્તીથી, જાણી જોઈને કે સંમતિપૂર્વક કોઈ બીજી વ્યક્તિના શરીર અને/અથવા કપડાને એ રીતે અડકવું કે તે જાતીય સંપર્ક હોય અથવા બની જાય; આમાં ઇલેક્ટ્રૉનિક "સેક્સિટંગ" નો સમાવેશ થાય છે. | | ● | | |
| **જાતીય સતામણી અને/અથવા સતામણી અથવા ભેદભાવ** | | | | |
| જાતિ, રંગ, લિંગ, મૂળ રાષ્ટ્રીયતા, મૂળ વંશ, અક્ષમતા, ધર્મ, જાતીય પસંદગી અથવા જાતીય પસંદગી બાબતની માન્યતા અથવા રાજ્યના કે ફેડરલ કાયદા દ્વારા સંરક્ષિત કોઈપણ લક્ષણ. જાતીય સતામણીની વ્યાખ્યા અનિચ્છેલ જાતીય સંપર્કના પ્રયત્નો, જાતીય સંબંધની માંગણી અથવા શાબ્દિક કે શારીરિક જાતીય સંપર્ક તરીકે માની લઈ શકાય. આમાં શાબ્દિક ટિપ્પણીઓ, જાતીય અપશબ્દો, ઇશારા, જોક્સ, અપમાન, જાતીય સામગ્રી ધરાવતા ફોટા કે પત્રો અને જાતીય બાબતો વિશે અફવા ફેલાવવાનો સમાવેશ થાય છે. જાતીય સતામણીના પરિણામે બિલ્ડિંગના અનુપાલન અધિકારી (કમ્પ્લાયન્સ ઑફિસર)ને ટાઇટલ IX રેફરલ કરવામાં આવશે. જો પ્રિન્સિપાલ/તેમના પ્રતિનિધિ તેને પૂરતું ગંભીર માને તો તેને સ્તર 3નું અતિક્રમણ માનવામાં આવી શકે. | ● એલિમેન્ટરી | ● | ● | |

# વર્તણૂંક સંબંધી ઉલ્લંઘનો

| અયોગ્ય અથવા ખલેલ પાડતી વર્તણૂંક | સ્તર 1 | સ્તર 2 | સ્તર 3 | સ્તર 4 |
|---|---|---|---|---|
| **ટેક્નોલૉજી/નેટવર્કનો દુરુપયોગ** | | | | |
| ડિસ્ટ્રિક્ટની ટેક્નોલૉજી/નેટવર્કનો અયોગ્ય ઉપયોગ. ડિસ્ટ્રિક્ટની "Acceptable Use Guidelines" (એક્સેપ્ટેબલ યૂઝ ગાઇડલાઇન્સ - સ્વીકાર્ય ઉપયોગ માર્ગદર્શિકા)નું ઉલ્લંઘન. જે વિદ્યાર્થીઓને વર્ચ્યૂઅલ સેટિંગમાં ભણવામાં મદદ કરવા માટે ડિસ્ટ્રિક્ટ તરફથી ટેક્નોલૉજી અફાઈ હોય તેઓને ડિસ્ટ્રિક્ટની ટેક્નોલૉજીનો દુરુપયોગ કરવા બદલ શિસ્તનાં પગલાંનો સમાનો કરવો પડી શકે. જો પ્રિન્સિપાલ/તેમના પ્રતિનિધિ તેને પૂરતું ગંભીર માને તો તેને સ્તર 3 અથવા 4 નું અતિક્રમણ માનવામાં આવી શકે. | ● | ● | ● | ● |
| **પૈસા અથવા સંપત્તિ (જાહેર અથવા ખાનગી) ની ચોરી** | | | | |
| $100.00 થી ઓછા પૈસા કે સંપત્તિની ચોરી સ્તર 1નું અતિક્રમણ છે. $100.00 અથવા વધુ પૈસા કે સંપત્તિની ચોરી સ્તર 2નું અતિક્રમણ છે. **ચોરીના પરિણામે પોલિસ વિભાગને રેફરલ કરવામાં આવી શકે છે.** | ● | ● | | |
| **10 અથવા વધુ લોકોને આપેલી ધમકી** | | | | |
| વ્યાખ્યા પ્રમાણે આતંકવાદી ધમકી (શબ્દાવલિ જુઓ). **શાળા પ્રશાસન પોલિસને રેફરલ કરશે.** | | | ● એલિમેન્ટરી | ● |
| **ધમકી આપવી/બીજી વ્યક્તિનો જીવ લેવાની ધમકી આપવી** | | | | |
| કોઈ વડીલ કે વિદ્યાર્થીને શાબ્દિક અથવા શારીરિક રીતે ધમકી આપવી. શિસ્તનું સ્તર પરિપેક્ષ્યના આધારે નક્કી થશે. ભાવનાઓમાં વહી જઈને કરાયેલી ટિપ્પણીને પૂર્વાયોજિત, લેખિત ધમકીની જેમજ સંબોધિત કરવામાં આવશે નહીં. જો પ્રિન્સિપાલ/તેમના પ્રતિનિધિ તેને પૂરતું ગંભીર માને તો તેને સ્તર 4 સુધીનું અતિક્રમણ માનવામાં આવી શકે. **શાળા પ્રશાસન પોલિસને રેફરલ કરી શકે છે.** | | ● એલિમેન્ટરી | ● | ● |
| **તમાકુના પ્રોડક્ટ્સ/ધૂમ્રપાન/વેપિંગ** | | | | |
| શાળાના કલાકો પહેલા, તે દરમિયાન કે તેના પછી, વેપિંગ ડિવાઇસિસ, ઇલેક્ટ્રૉનિક સિગરેટ, ઑઇલ, હુક્કા, માચિસ, કાગળ, લાઇટર વિં. હોવા, તેનાથી ધૂમ્રપાન કરવું અથવા તમાકુની કોઈ પ્રોડક્ટ લેવી વેપર અને ઇલેક્ટ્રૉનિક સિગરેટ સહિત, તમાકુના પ્રોડક્ટ્સનો તરતજ નિકાલ કરવામાં આવશે. **સગીર વ્યક્તિ પાસે આવા ડિવાઇસિસ હોવા બાબતે પોલિસ સાઇટેશન લખી શકે છે.** | | ● | | |
| **શાળા અને/અથવા ડિસ્ટ્રિક્ટની સંપત્તિમાં વગર પરવાનગીએ ઘુસી જવું** | | | | |
| સસ્પેન્ડ થયેલા હો ત્યારે અથવા શાળા કે પ્રવૃત્તિઓ ચાલુ ન હોય ત્યારે શાળાના પરિસરમાં હોવું. | | | ● | |
| **ગાપચી મારનાર** | | | | |
| પરવાનગી વિના કોઈ વર્ગ, લંચ, ફરજિયાત શૈક્ષણિક હસ્તક્ષેપ અથવા શાળાકીય દિવસમાંથી ગેરહાજર હોવું; આમાં પરવાનગી વિના શાળા પરિસર છોડવું અથવા ગેરહાજરી પછી માતાપિતા પાસેથી રજા ચિઠ્ઠી ન લાવવી અથવા ગેરહાજરીની ખરાઈ કરવા માટે માતાપિતા સાથે ફોન પર વાત ન કરાવવી. | ● | | | |
| **તોડફોડ** | | | | |
| નાની-મોટી, જેના માટે સાફ-સફાઈ માટે કસ્ટોડિયનનો વધારાનો સમય જોઈએ, ભરપાઈનો સમાવેશ થઈ શકે; કર્મચારીઓ, વિદ્યાર્થીઓ કે ડિસ્ટ્રિક્ટની સંપત્તિને જાણીજોઈને નુકસાન અથવા નુકસાન કરવાનો પ્રયત્ન (ભરપાઈ કરવાની રહેશે). વિદ્યાર્થીઓના અટકચાળા આ ઉલ્લંઘનમાં આવી શકે છે. જો બિલ્ડિંગ એડમિનિસ્ટ્રેટર તેને પૂરતું ગંભીર માને, તો તેને સ્તર 3નું અતિક્રમણ માનવામાં આવી શકે છે. | ● | ● | | |
| **હિંસક કાર્ય** | | | | |
| કોઈ વિદ્યાર્થી અથવા કર્મચારીનું, જેમાં તેઓ ***કોઇને મારી નાખવાનો અથવા ગંભીર શારીરિક ઇજા કરવાનો*** પ્રયાસ કરતા હોય —કોઈ વિદ્યાર્થી દ્વારા ગંભીર શારીરિક ઇજા કરવાના ઇરાદાથી શારીરિક બળનો ઉપયોગ. **શાળા પ્રશાસન પોલિસને રેફરલ કરશે.** | | | ● એલિમેન્ટરી | ● |
| **હથિયારો/આગ્નેયાસ્ત્ર હોવા** | | | | |
| કોઈ હથિયાર હોવું અથવા વાપરવું (હથિયારની વ્યાખ્યા શબ્દાવલિમાં છે). **શાળા પ્રશાસન પોલિસને રેફરલ કરશે.** 12 | | | | ● |

# સ્તરો સંબંધી પરિભાષાઓ

| | | |
|---|---|---|
| સ્તર 1 | **વર્ગખંડમાં મદદ અને પ્રશાસનના કાર્યના દાખલા** | |
| | શિક્ષક વિદ્યાર્થી સાથે મળશે અને યોગ્ય વર્તણૂંક અને/અથવા વર્ગખંડના નિયમો ફરીથી શીખવશે | રિસેસમાં ન જવા દેવા - અડધી/આખી (આનો ઉપયોગ ત્યારેજ કરવામાં આવવો જોઈએ જ્યારે વર્તણૂંક સંબંધી ઉલ્લંઘન માટે બીજા કોઈ વિકલ્પ ન રહ્યા હોય). |
| | સકારાત્મક પ્રેક્ટિસ-તાલીમના અવસરો | જમવા માટે સપોર્ટ (જમવા માટે ન જવા દેવામાં આવે એવું ક્યારેય બનશે નહીં) |
| | માતાપિતા/વાલી(ઓ)ને વર્તણૂંક સંબંધી મૌખિક/લેખિત માહિતી આપવી | શિક્ષક/માતાપિતા/વાલીની કૉન્ફરન્સ અને/અથવા પ્રિન્સિપાલ સાથે |
| | પ્રગતિ બાબતે માતાપિતા/વાલી(ઓ)ને દૈનિક/અઠવાડિક રિપોર્ટ મોકલવા | વૈકલ્પિક હસ્તક્ષેપ જેમકે દૈનિક ચાર્ટ, સુધારાત્મક શિસ્તનાં પગલાં લાગુ કરવા |
| | જો યોગ્ય હોય તો અભ્યાસક્રમાં ફેરફારો કરવા | ખાસ અધિકારો ન આપવા |
| | વિદ્યાર્થીને શાળા છૂટે પછી રોકી રાખવા | જમવાના સમયે/રિસેસમાં ડિટેન્શન |
| | પહેલો અતિક્રમણ - 3 દિવસ સુધીનું ડિટેન્શન અથવા સસ્પેન્શન | |
| | બીજું અતિક્રમણ - 5 દિવસ સુધીનું સસ્પેન્શન | |
| | ત્રીજું અને ત્યાર પછીના અતિક્રમણ - 10 દિવસ સુધી સસ્પેન્શન | |
| સ્તર 2 | **સઘન મદદ અને પ્રશાસનના કાર્યના દાખલા** | |
| | માતાપિતા/વાલી સાથે સંપર્ક સહિત વિદ્યાર્થી સાથે કૉન્ફરન્સ | સ્કૂલમાં ડિટેન્શન - રિસેસ/લંચના અધિકારો ખોવા |
| | માતાપિતા/વાલી/શિક્ષક/વિદ્યાર્થી/પ્રશાસક કૉન્ફરન્સ | ભરપાઈ અને /અથવા સ્વાસ્થ્યકર રિવાજો કૉન્ફરન્સ/અવસરો |
| | સ્કૂલ પછી ડિટેન્શન | વર્તણૂંક બાબતે સુનાવણી માટે સમિતિને રેફરલ અને સાથે 180 દિવસ સુધી સ્કૂલની બહાર સસ્પેન્શનના વધારાના દિવસો |
| | સ્કૂલની અંદર અથવા બહાર દસ (10) દિવસ સુધી સસ્પેન્શન | સ્કૂલમાંથી કાઢી મુકાવું |
| | પહેલું અતિક્રમણ- 10 દિવસ સુધીનું સસ્પેન્શન | |
| | બીજું અતિક્રમણ - 180 દિવસ સુધીનું સસ્પેન્શન | |
| સ્તર 3 | **સસ્પેન્શન અને રેફરલ** | |
| | સ્કૂલમાં સસ્પેન્શન | વર્તણૂંક સંબંધી સુનાવણી માટે સમિતિને રેફરલ જેમાં વધારાના દિવસો માટે સ્કૂલમાંથી બહાર સસ્પેન્શનના બીજા 180 સુધીના દિવસો પણ હોઇ શકે છે. |
| | 180 દિવસ સુધી માટે સ્કૂલની બહાર સસ્પેન્શન | |
| | અલગ સ્કૂલમાં વૈકલ્પિક હસ્તક્ષેપ કાર્યક્રમમાં મૂકાવું | |
| | વર્તણૂંક બાબતે સુનાવણી માટે સમિતિને રેફરલ અને સાથે 180 દિવસ સુધી સ્કૂલની બહાર સસ્પેન્શનના વધારાના દિવસો | |
| | સ્કૂલમાંથી કાઢી મુકાવું | |
| | ત્યાર પછીના કોઈપણ સ્તર 3ના અતિક્રમણ - સ્કૂલમાંથી કાઢી મુકાઈ શકાય | |
| સ્તર 4 | **લંબાવેલ સસ્પેન્શન અને રેફરલ** | |
| | સ્કૂલમાં સસ્પેન્શન | |
| | 180 દિવસ સુધી માટે સ્કૂલની બહાર સસ્પેન્શન | |
| | સ્કૂલમાંથી કાઢી મુકાવું | |
| | હથિયારો સંબંધી ઉલ્લંઘન - ઓછામાં ઓછું એક વર્ષનું (365 કેલેન્ડર દિવસ) સસ્પેન્શન અથવા કાઢી મુકાવું, જે નિર્ધારણ Mo. સંશો. § 160.261 પ્રમાણે કરાશે. | |

# વિદ્યાર્થી દ્વારા દારૂ અને ડ્રગના સેવન સંબંધી સંહિતા



શિક્ષણ બોર્ડ ફ્રાન્સિસ હૉવેલ સ્કૂલ ડિસ્ટ્રિક્ટમાં ભણતા વિદ્યાર્થીઓના આરોગ્ય, કલ્યાણ અને સુરક્ષા સંબંધી જવાબદારીમાં પોતાના ભાગને સ્વીકારે છે. તેથી સ્કૂલની ઇમારતમાં, સ્કૂલ દ્વારા પ્રાયોજિત પ્રવૃત્તિઓ અથવા કાર્યક્રમોમાં, ફીલ્ડ ટ્રિપમાં અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ માટે વિદ્યાર્થીઓને લાવવા-લઈ જવા માટે વપરાતા વાહનમાં દારૂ અથવા ડ્રગ્સનો ઉપયોગ, વેચાણ, ટ્રાન્સફર કે તેની અસર હેઠળ હોવાની મનાઈ છે.

**દારૂ** શબ્દ, જે આ વિદ્યાર્થી આચાર સંહિતામાં વપરાયેલ છે તેની વ્યાખ્યા દારૂ, “નૉન-આલ્કોહૉલિક” માલ્ટના પીણાં અથવા એવા પદાર્થો જેમને દારૂ કે “નૉન-આલ્કોહૉલિક” માલ્ટના પીણાં તરીકે દર્શાવવામાં આવે છે.

**ડ્રગ્સ** શબ્દ, જે આ વિદ્યાર્થી આચાર સંહિતામાં વપરાયેલ છે, તેની વ્યાખ્યા નશીલા પદાર્થો, ગેરકાયદે ડ્રગ્સ, પ્રિસ્ક્રિપ્શનથી મળતી દવાઓ, પ્રિસ્ક્રિપ્શન વિના મળતા કાયદેસરના સિન્થેટિક પદાર્થો કે પ્રિસ્ક્રિપ્શન વિના, ઓવર ધ કાઉંટર મળતી દવાઓ જે નુકસાન કરે, અને/અથવા શારીરિક અથવા માનસિક ફેરફારો કરતા રસાયણો અથવા નિયંત્રિત પદાર્થો જે, તે જેના માટે બની છે તેનાથી જુદા કાર્ય માટે વપરાય; અથવા દવા માટેનો સાજ-સરંજામ.

જ્યાં બોર્ડનો કે સ્કૂલના શિક્ષકો અને પ્રશાસનનો ઇરાદો સ્કૂલ ડિસ્ટ્રિક્ટના કોઈપણ પાત્ર વ્યક્તિને શિક્ષણ મળતું રોકવાનો નથી, એ વાત સર્વસ્વીકૃત છે કે શાળામાં શિસ્ત અને શાળાનું નાગરિકત્વ શિક્ષણનું યોગ્ય વાતાવરણ બને તે માટે જરૂરી છે. જે વિદ્યાર્થીઓ તેમની શૈક્ષણિક અને પ્રવૃત્તિઓ કરવાની તકોનો સૌથી વધુ ફાયદો મેળવવા ઇચ્છતા હોય, તેઓ ડ્રગ્સ કે દારૂની અસર હેઠળ કે તે વસ્તુઓ તેમની પાસે હોય તે દરમિયાન તેમના સહપાઠીઓના કારણે થતા બિનજરૂરી ખલેલ અને વ્યગ્રતાના સંપર્કમાં આવે તે વાજબી વાત નથી.

જે વિદ્યાર્થી દારૂ કે ડ્રગ્સના નશામાં હોય અથવા જેની પાસેથી તે મળી આવે તેને 180 શાળાકીય દિવસો સુધીના સમયગાળા માટે સસ્પેન્ડ કરી દેવાઆમાં આવી શકે છે અથવા કાઢી મૂક્વામાં આવી શકે છે. પ્રિન્સિપાલ/તેમના પ્રતિનિધિ આવા વિદ્યાર્થીઓને સૌથી પહેલા દસ (10) શાળાકીય દિવસો માટે સસ્પેન્ડ કરશે . દારૂ કે ડ્રગ્સ હોવાના પહેલા ગુના માટે, 10 દિવસના સસ્પેન્શનના બદલે, વિદ્યાર્થી શાળાના એક અલગ સ્થળે કોઈ વૈકલ્પિક હસ્તક્ષેપ કાર્યક્રમમાં હાજરી આપવાનું પસંદ કરી શકે છે. AIPમાં વિદ્યાર્થીએ FHU કર્મચારી દ્વારા પૂરા કરાનાર એક વિસ્તૃત ડ્રગ મૂલ્યાંકનમાં ભાગ લેવાનો રહેશે., જે નક્કી કરશે કે નશીલી દવાઓ/દારુના ઉપયોગ અને દુરુપયોગને રોકવા માટેના કાઉન્સેલિંગનો વિદ્યાર્થી ઉપયોગ કરશે. વિદ્યાર્થી આખો દિવસ શાળાએ જશે અને પોતાના અભ્યાસક્રમમાંથી બધાં એસાઇનમેન્ટ પૂરાં કરશે અને ડ્રગ/દારૂ માટે કાઉન્સેલિંગ મેળવશે. આમાં પ્રિવેન્ટએડ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ અથવા પ્રિફર્ડ ફેમિલી હેલ્થ મારફતે એક વિસ્તૃત ડ્રગ્સ માટેનું આકલન અને ઇનટેક સ્ક્રીનિંગ અને પછી ફૉલોઅપ કાઉન્સેલિંગનો સમાવેશ થઈ શકે છે. વિદ્યાર્થીઓ પોતાની મૂળ સ્કૂલમાં પાછા ફરશે ત્યારે સકારાત્મક નિર્ણય લેવામાં અને સ્થિતિ-સ્થાપકતા વિકસાવવા માટે નિરંતર મદદ મેળવશે. જો વિદ્યાર્થી અથવા માતા-પિતા/વાલી સંતોષકારક રીતે જરૂરી કાગળો ન ભરે, મૂલ્યાંકન અથવા સતત સહાયતા મીટિંગો પૂરી ન કરે, તો શરુઆતનું 10 દિવસનું સસ્પેન્શન લાદવામાં આવશે અને વર્તણૂક સંબંધી સમિતિની સુનાવણીનું આયોજન કરવામાં આવશે જેથી યોગ્ય દંડ અને/અથવા સસ્પેન્શનના વધારાના દિવસો નક્કી કરી શકાય. દંડ બાબતે ભલામણ સુપ્રિન્ટેન્ડન્ટ/તેમના પ્રતિનિધિને નિર્ણય લેવા માટે મોકલી આપવામાં આવશે.

વિદ્યાર્થી આચાર સંહિતા હેઠળ બીજું અતિક્રમણ થાય તો વિદ્યાર્થીને 180 શાળા દિવસો સુધી સસ્પેન્ડ કરવામાં આવશે અથવા કાઢી મુકવામાં આવશે.

અતિક્રમણની ગંભીરતાના આધારે **દારૂ અથવા નશીલી દવાઓના વેચાણ, શેરિંગ કે વિતરણમાં ભાગ લેતા હોવાની** જાણ થાય તેવા વિદ્યાર્થીને 180 દિવસ સુધી સસ્પેન્ડ કરવામાં આવશે અથવા કાઢી મુકવામાં આવશે. પ્રિન્સિપાલ/તેમના પ્રતિનિધિ આવા વિદ્યાર્થીઓને સૌથી પહેલા દસ (10) શાળાકીય દિવસો માટે સસ્પેન્ડ કરી **શકે**. વર્તણૂક સંબંધી સમિતિની સુનાવણી શરુઆતના દસ (10) શાળાકીય દિવસોના સસ્પેન્શનના સમયગાળામાં યોજવામાં આવી શકે જેથી દંડની યોગ્યતા નિર્ધારિત કરી શકાય. દંડ બાબતે ભલામણ સુપ્રિન્ટેન્ડન્ટ/તેમના પ્રતિનિધિને નિર્ણય લેવા માટે મોકલી આપવામાં આવી શકે. વર્તણૂક બાબતે સમિતિના હિયરિંગ ઑફિસર (સુનાવણી અધિકારી) તેમની વિવેકબુદ્ધિ પ્રમાણે વૈકલ્પિક શૈક્ષણિક પ્લેસમેન્ટ - ઑલ્ટર્નેટિવ લર્નિંગ સેન્ટર (ALC)ની ભલામણ કરી શકે. જો આવું પ્લેસમેન્ટ સ્વીકારવામાં આવે તો:

ALC શરૂ કરવાના બે (2) અઠવાડિયાંની અંદર, પ્રિફર્ડ ફેમિલિ હેલ્થમાં ડ્રગ એસેસમેન્ટ પૂરું કરવાનું રહેશે. (2) વિદ્યાર્થીએ પ્રિફર્ડ ફેમિલી હેલ્થ દ્વારા પૂરાં પડાતાં ડ્રગ કાઉન્સેલિંગ સેશનોમાં ભાગ લેવાનો રહેશે.

# વિદ્યાર્થી દ્વારા દારૂ/નશીલા પદાર્થોના સેવન સંબંધી સંહિતા

નિમ્નલિખિત **વ્યાખ્યાઓ** લાગુ પડશે:

**"વેચાણ, વહેંચણી અને વિતરણ"** (સેલ, શેરિંગ એન્ડ ડિસ્ટ્રિબ્યુશન) નો અર્થ છે એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી દારૂ અથવા ડ્રગ્સની વાસ્તવિક ટ્રાન્સફર, રચનાત્મક ટ્રાન્સફર, પ્રયાસ કારયેલ ટ્રાન્સફર અથવા ટ્રાન્સફર કરવાનો પ્રસ્તાવ. આ શબ્દમાં વેચાણ, અદલાબદલી, સાટું, સોશિયલ શેરિંગ અને ભેટનો સમાવેશ થાય છે, પણ તેના સુધી સીમિત નથી.

**"હોવું"** (પઝેશન) નો અર્થ છે વ્યક્તિની પોતાની પાસે, અથવા તેની સંપત્તિ પર અથવા તેને રાખવા અપાયેલ અથવા તેના નિયંત્રણમાં હોય તેવી વસ્તુ પર દારુ અથવા ડ્રગ્સ હોવા.

**"પ્રભાવ હેઠળ"** (અંડર ધ ઇન્ફ્લુઅન્સ)નો અર્થ છે શરીરમાં ખાઇને, વાપરીને કે શોષીને (મોઢા વાટે, ઇન્જેક્શન વડે, ,સૂંઘી ને વિ.) ડ્રગ્સ લેવી. "પ્રભાવ હેઠળ" માં ડિસ્ટ્રિક્ટની સંપત્તિ પર અથવા શાળા દ્વારા પ્રાયોજિત પ્રવૃત્તિ અથવા ફીલ્ડ ટ્રીપમાં, તે ડિસ્ટ્રિક્ટની સંપત્તિ પર હોય કે તેનાથી ધૂર, હાજર રહેતા પહેલા દારૂ અથવા ડ્રગ્સનો ઉપયોગ, જ્યારે તેના વિશે નિરીક્ષણથી અથવા વિદ્યાર્થી શાળાએ અથવા પ્રવૃત્તિમાં હોય ત્યારે તપાસ વડે જાણી શકાય, નો સમાવેશ થાય છે, પણ તેના સુધી સીમિત નથી. જો કોઈ પ્રશાસકને શંકા પડે કે વિદ્યાર્થી પ્રભાવ હેઠળ છે તો તેઓ ફીલ્ડ સોબ્રાઇટી ટેસ્ટ કરી શકે, તબીબી વ્યાવસાયિકો પાસેથી સલાહ લઈ શકે અથવા પરીક્ષણ કરી શકે. જ્યારે પરીક્ષણ કરી શકાય તેવી વાજબી શંકા હોય ત્યારે પરીક્ષણમાં દારૂ માટે બ્રેથેલાઇઝર અને નશીલી દવાઓ માટે થૂંકની તપાસ થશે. કોઈ પણ પરિસ્થિતિમાં "પ્રભાવ હેઠળ"ની વ્યાખ્યા મોટર વાહનો ચલાવવા પર લાગુ થવા સુધી સીમિત રહેશે નહીં.

**"ડ્રગ્સ માટેનો સરંજામ"** (ડ્રગ પેરાફર્નેલિયા)નો અર્થ છે એ બધાંજ સાધનો, પ્રોડક્ટ્સ, પદાર્થો અને કોઈપણ પ્રકારની સામગ્રી જેનો કોઈ નિયંત્રિત પદાર્થ અથવા નકલી નિયંત્રિત પદાર્થ વાવવા, ફેલાવવા, ઉગાડવા, કાપવા, બનાવવા, કમ્પાઉંડ કરવા, પરિવર્તિત કરવા, ઉત્પાદિત કરવા, સંસાધિત કરવા, તૈયાર કરવા, સંઘરવા, રાખવા, સંતાડવા, ઇંજેક્શન વાટે આપવા,શ્વાસ વાટે લેવા અથવા કોઈ બીજી રીતે માનવના શરીર માં દાખલ કરવા માટે ઉપયોગ થાય છે, ઉપયોગ માટે હોય છે, ઉપયોગ માટે ડિઝાઇન કરવામાં આવ્યા હોય છે.



# આગ્નેયાસ્ત્ર-મુક્ત સ્કૂલ સંહિતા

ફ્રાન્સિસ હૉવેલ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ તેના વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત, હિંસા-મુક્ત શૈક્ષણિક વાતાવરણ અને કર્મચારીઓ માટે સુરક્ષિત, હિંસામુક્ત કાર્યસ્થળ પૂરું પાડવા ઇચ્છે છે. ડિસ્ટ્રિક્ટ ઔપચારિક રૂપે જાહરે કરે છે કે સ્કૂલના પરિસરમાં આગ્નેયાસ્ત્રો આવકાર્ય નથી.

ડિસ્ટ્રિક્ટ સ્વીકારે છે કે તેણે શાળામાં આગ્નેયાસ્ત્રઓ લાવનાર વિદ્યાર્થીઓ સાથે વ્યવહાર માટે ફેડરલ અને રાજ્યના કાયદાઓનું પાલન કરવાનું રહેશે. તે પ્રમાણે, આ માહિતી Improving America's Schools Act of 1994 (1994ના ઇમ્પ્રૂવિંગ અમેરિકાઝ સ્કૂલ્સ એક્ટ - અમેરિકાની શાળાઓને વધુ સારી બનાવવી કાયદો), Individuals with Disabilities Education Act (ઇન્ડિવિજ્યુઅલ્સ વિથ ડિસેબિલિટીઝ એજ્યુકેશન એક્ટ - અક્ષમતા ધરાવનાર વ્યક્તિઓના શિક્ષણ સંબંધી કાયદો) અને અન્ય લાગુ પડતા ફેડરલ અને રાજ્યના કાયદાઓનું પાલન કરે છે.

ડિસ્ટ્રિક્ટ સ્વીકારે છે કે શાળાએ આગ્નેયાસ્ત્ર લાવનાર વ્યક્તિ પોતાને અને સ્કૂલના પરિસરમાં હાજર અન્ય વ્યક્તિઓને નુકસાન કરવાનું જોખમ ઊભું કરે છે. ડિસ્ટ્રિક્ટ વ્યક્તિની પાસે આગ્નેયાસ્ત્ર હોવાને વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને અન્ય વ્યક્તિઓના આરોગ્ય, સુરક્ષા અને સંરક્ષણને સંભાવિત જોખમ તરીકે સ્વીકારે છે. ડિસ્ટ્રિક્ટ કોઈ વ્યક્તિના અમારી શાળાઓના પરિસરમાં કોઈ આગ્નેયાસ્ત્ર લાવવાથી ઊભા થતા નુકસાનના જોખમને સહન કરશે નહીં..

તેથી, ડિસ્ટ્રિક્ટ નિમ્નલિખિત ઘોષણાઓ કરે છે:

I. વ્યાખ્યાઓ

"આગ્નેયાસ્ત્ર" શબ્દની વ્યાખ્યા 18 યૂનાઇટેડ સ્ટેટ્સ સંહિતા 921ના સૌથી હાલના સંસ્કરણમાં વર્ણવેલ ફેડરલ કાયદા પ્રમાણે છે. "આગ્નેયાસ્ત્ર" (એટલે કે ફાયર-આર્મ) માં આવી વસ્તુઓનો સમાવેશ થાય છે, પણ તે તેમના સુધી જ સીમિત નથી:

A. કોઈણ પણ વસ્તુ જે ગોળી ભરેલું અથવા ખાલી હથિયાર, હથિયારની ફ્રેમ કે હથિયારનું બેરલ હોય જેને કોઈ વિસ્ફોટકની પ્રક્રિયાથી કોઈ અસ્ત્ર છોડવા માટે બનાવવા આવ્યું છે અથવા તો સહેલાઇથી તેવા સાધનમાં ફેરવી શકાય છે; અથવા

B. કોઈ પણ વસ્તુ જે, કોઈ વિસ્ફોટકની પ્રક્રિયાથી કોઈ અસ્ત્ર છોડવા માટે બનાવવા આવ્યું છે અથવા તો સહેલાઇથી તેવા સાધનમાં ફેરવી શકાય છે; અને જેનો બેરલ બોર ઓછામાં ઓછા અડધો ઇંચ વ્યાસનો હોય છે; અથવા

C. કોઈ વિસ્ફોટક, સળગી ઉઠે તેવો અથવા ઝેરી ગેસ, જેમ કે: બૉમ્બ; ગ્રેનેડ, ચાર (4) ઔંસથી વધુ પ્રોપેલન્ટ ચાર્જ ધરાવતાં રૉકેટ, અને ફેડરલ કાયદામાં સ્વીકૃત અન્ય સમાન ડિવાઇસિસ; અથવા

D. ઘટકોનું કોઈપણ સંયોજન જેને ક્યાંતો કોઈ એવા ડિવાઇસમાં ફેરવવા માટે બનાવવામાં આવ્યું હોય અથવા કોઈ ડિવાઇસને એવા ડિવાઇસમાં બદલવા માટે બનાવવામાં આવ્યું હોય, જેનું વ્યાખ્યા વિભાગમાં પેરેગ્રાફ B અથવા C માં વર્ણન કરવામાં આવ્યું છે.

II. શાળાએ આગ્નેયાસ્ત્ર લાવનાર વિદ્યાર્થી

ડિસ્ટ્રિક્ટ કોઈ વિદ્યાર્થી શાળાએ આગ્નેયાસ્ત્ર લાવે તે સહન કરશે નહીં. તેથી જો કોઈ વિદ્યાર્થી શાળાએ આગ્નેયાસ્ત્ર લાવેલ છે તેવું નિર્ધારણ થાય , તો ડિસ્ટ્રિક્ટ નીચે વર્ણવેલ પગલાં લેશે:

A. ડિસ્ટ્રિક્ટ વિદ્યાર્થીને યોગ્ય ક્રિમિનલ જસ્ટિસ અથવા જુવેનાઇલ ડેનિન્ક્વન્સી પ્રણાલીને રેફર કરશે; અને

B. ડિસ્ટ્રિક્ટ વિદ્યાર્થીને શાળામાંથી અતિક્રમણની તારીખથી ઓછામાં ઓછા એક (1) વર્ષ (365 દિવસ)ના ગાળા માટે સસ્પેન્ડ કરશે, અને, પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે, વિદ્યાર્થીને હંમેશ માટે શાળામાંથી કાઢી પણ મુકી શકે છે.. જો સુપ્રિન્ટેન્ડન્ટ એવું નિર્ધારિત કરે કે પરિસ્થિતિ આવા ફેરફારને લાયક છે, તો આ સસ્પેન્શનની જોગવાઈમાં દરેક અલગ-અલગ કેસમાં સુપ્રિન્ટેન્ડન્ટ ઑફ સ્કૂલ્સની ભલામણના આધારે પરિવર્તન થઈ શકે છે.

C. ડિસ્ટ્રિક્ટ પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે, ડિસ્ટ્રિક્ટ નીતિ 2620 હેઠળ સસ્પેન્ડ કરાયેલ વિદ્યાર્થીને વૈકલ્પિક સેટિંગમાં શૈક્ષણિક સેવાઓ પૂરી પાડી શકે છે.

III. અક્ષમતાઓ ધરાવતા વિદ્યાર્થીઓ માટે લાગુ પડવાની ક્ષમતા

જો આ આગ્નેયાસ્ત્ર મુક્ત સ્કૂલો માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરતા નિર્ધારિત થયેલ વિદ્યાર્થી Individuals with Disabilities Education Act (ઇન્ડિવિજ્યુઅલ્સ વિથ ડિસેબિલિટીઝ એજ્યુકેશન એક્ટ - અક્ષમતા ધરાવતા વ્યક્તિઓ માટે શિક્ષણનો કાયદો) હેઠળ અક્ષમતા ધરાવનાર વિદ્યાર્થી હોય, તો ડિસ્ટ્રિક્ટ લાગુ થતા કાયદાઓ અને નિયમોમાં વર્ણવેલ ફેડરલ અને રાજ્યની જરૂરિયાતોનું પાલન કરશે. આવા કાયદા અને નિયમો જ્યારે અક્ષમતા ધરાવનાર કોઈ વિદ્યાર્થી શાળાએ કોઈ આગ્નેયાસ્ત્ર લાવે ત્યારે જે ખાસ પ્રક્રિયાઓને અનુસરવાની હોય છે તેનું વર્ણન કરે છે. આ માર્ગદર્શિકા અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓને તે સીમા સુધી લાગુ પડશે જે સીમા સુધી Individuals with Disabilities Education Act (ઇન્ડિવિજ્યુઅલ્સ વિથ ડિસેબિલિટીઝ એજ્યુકેશન એક્ટ - અક્ષમતા ધરાવતા વ્યક્તિઓ માટે શિક્ષણનો કાયદો) હેઠળ તેમને લાગુ કરવાની પરવાનગી રહેશે.

IV. ડિસ્ટ્રિક્ટની અન્ય નીતિઓની લાગુ પડવાની ક્ષમતા

ડિસ્ટ્રિક્ટની હથિયાર સંબંધી બીજી બધીજ નીતિઓ, શિસ્ત સંબંધી નીતિઓ અથવા હથિયાર જેવી દેખાતી વસ્તુઓ સંબંધી નીતિઓ હાલ અસ્તિત્વમાં છે તે રીતે અથવા હવે પછી તેમાં સુધાર કરવામાં આવે તે રીતે પ્રભાવી રહેશે.

# શિસ્તનાં પગલાંની વ્યાખ્યાઓ

**ડિટેન્શન સ્ટડી હૉલ** - એક સુપરવાઇઝ કરાતું હૉલનું વાતાવરણ જે શાળાના સમય સિવાય થતું હોય છે. સેટરડે સ્કૂલ શનિવારે સવારે શાળાના કલાકો સિવાય પૂરું પડાતું સુપરવાઇઝ કરાતું સ્ટડી હૉલ વાતાવરણ છે. સમય અલગ-અલગ શાળાઓમાં અલગ-અલગ રહેશે. વિદ્યાર્થીની પ્રવૃત્તિ પર નજીકથી નજર રાખવામાં આવે છે અને તેને સીમિત રાખવામાં આવે છે. ડિટેન્શનના આખાય સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓ પાસે શાંત રહેવાની અને ફક્ત તેમને સોંપાયેલા કામો કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. મોડા આવનારાઓને સોંપાયેલ ડિટેન્શનમાં હાજર રહેવા દેવામાં આવશે નહીં.

**ઇન-સ્કૂલ સસ્પેન્શન (ISS/ISAP)** - એક સંગઠિત, બધી સગવડવાળું વાતાવરણ જ્યાં વિદ્યાર્થીને ક્રેડિટ માટે એસાઇનમેન્ટ પૂરા કરવાની તક આપવામાં આવશે. વિદ્યાર્થીને ISS/ISAPમાં મુકતા પહેલા માતાપિતા/વાલીનો સંપર્ક સાધવામાં આવશે. જો IEP ધરાવનાર કોઈ વિદ્યાર્થીને ISS/ISAP માં મુકવામાં આવે,  તો તેમની ખાસ શિક્ષણ સેવાઓ IEPમાં વર્ણવ્યા પ્રમાણે પૂરી પાડવામાં આવશે, અથવા ISS/ISAPમાં વિતાવેલા સમય શાળા બહાર સસ્પેન્શન ગણાશે.  વિદ્યાર્થી તેમના શાળામાં સ્કૂલમાં સસ્પેન્શનને પૂરું કર્યા પછી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે.

**આઉટ-ઑફ-સ્કૂલ સસ્પેન્શન (OSS)** - શાળામાં હાજરીમાંથી કાઢી નખાવું. વિદ્યાર્થી શાળાએ પાછા ફરી શકે તે પહેલા વિદ્યાર્તી અને માતાપિતા/વાલી સાથે કૉન્ફરન્સની જરૂર પડી શકે છે. જે વિદ્યાર્થીઓને OSS મળે તેમને નીચે વર્ણવેલ પરિસ્થિતિઓ સિવાય તેમના ચુકાઈ ગયેલા કામને  100% ક્રેડિટ મેળવવા માટે પાછળથી પૂરું કરી શકશે.

સસ્પેન્શનના સમયગાળા માટે વિદ્યાર્થીનો ગ્રેડ વિદ્યાર્થીને સસ્પેન્શનના સમયગાળામાં વર્ગખંડ બહાર પૂરું કરવા માટે આપવામાં આવેલ કામના આધારે આપવામાં આવશે. જો વિદ્યાર્થીને વૈકલ્પિક સેટિંગ આપવાનો પ્રસ્તાવ મુકાયો હોય અને આ સેટિંગનો અસ્વીકાર કરવામાં આવે તો સસ્પેન્શનના સમયગાળા માટે વિદ્યાર્થીના શિક્ષણની જવાબદારી માતાપિતા/વાલી(ઓ)ની રહેશે.

ચુકાઈ ગયેલા કામના બદલે કામની પરવાનગી આપવામાં આવશે નહીં જો:
- OSSમાંથી પાછા ફરવાનું કામ છેલ્લી તારીખ સુધીમાં જમા કરાવવામાં ન આવે
- ISS/ISAP દરમિયાન સોંપાયેલું કામ વિદ્યાર્થી વર્ગમાં પાછા ફરે ત્યાં સુધી જમા કરાવવામાં ન આવે
- વિદ્યાર્થી/માતાપિતા/વાલી(ઓ) AIP (ઑલ્ટર્નેટિવ ઇંટરવેન્શન પ્રોગ્રામ - વૈકલ્પિક હસ્તક્ષેપ કાર્યક્રમ) ન લેવાનું પસંદ કરે
- સસ્પેન્શન 55 શાળા દિવસોથી લાંબુ હોય

શાળામાંથી સસ્પેન્ડ કરાયેલ કોઈપણ વિદ્યાર્થી આઉટ-ઑફ-સ્કૂલ સસ્પેન્શનના સમયગાળા દરમિયાન શાળાની સંપત્તિ કે ડિસ્ટ્રિક્ટની કોઈ અન્ય સંપત્તિ પર હાજર રહી શકશે નહીં. ઉપરાંત, સસ્પેન્ડ કરાયેલ વિદ્યાર્થી સસ્પેન્શનના સમયગાળા દરમિયાન કેમ્પસ પર કે કેમ્પસની બહાર કોઈ અભ્યાસક્રમેત પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહીં કે તેમાં હાજર રહી શકશે નહીં.  આઉટ-ઑફ-સ્કૂલ સસ્પેન્શન પૂરું કર્યા પછી વિદ્યાર્થી પ્રવૃત્તિઓ કે સ્પર્ધાઓમાં ભાગ લઈ શકે તે પહેલા તેઓએ પોતાને શાળાના સન્માનનીય નાગરિક તરીકે સ્થાપિત કરવાના રહેશે. જોકે, વિદ્યાર્થીને વર્તણૂંક સંબંધી સમિતિની સુનાવણીમાં હાજરી આપવા અને કોઈ નિર્દિષ્ટ વૈકલ્પિક કાર્યક્રમમાં હાજરી આપવા માટે ડિસ્ટ્રિક્ટની સંપત્તિ પર આવવાની છૂટ છે.

આઉટ-ઑફ-સ્કૂલ સસ્પેન્શન પછી સ્કૂલમાં પાછા ફરી રહેલ કોઈપણ વિદ્યાર્થીએ એક રી-એન્ટ્રી મીટિંગમાં હાજરી આપવાની રહેશે જેમાં પ્રિન્સિપાલ/પ્રતિનિધિ સામેલ હશે અને જેમાં વિદ્યાર્થીના માતાપિતા/વાલી(ઓ) પણ સામેલ હોઈ શકે છે.

**10 થી 180 દિવસનું આઉટ-ઑફ-સ્કૂલ સસ્પેન્શન** –સુપ્રિન્ટેન્ડન્ટ/પ્રતિનિધિ વિદ્યાર્થીને 180 શાળા દિવસો સુધી સસ્પેન્ડ કરી શકે છે અને શિક્ષણ બોર્ડને તેનાથી વધુ લાંબા સસ્પેન્શન અને વિદ્યાર્થીને શાળામાંથી કાઢી મુકાવાની ભલામણ કરી શકે છે. એકસો એંશી (180) દિવસથી વધુનું સસ્પેન્શન માત્ર બોર્ડ જ આપી શકે છે શરુઆતના સસ્પેન્શનના કારણરૂપ વર્તણૂંકની સમીક્ષા કરવા માટે અને દસ (10) દિવસથી વધુના આઉટ ઑફ સ્કૂલ સસ્પેન્શન અને/અથવા કાઢી મુકવા સંબંધી ભલામણ કરવા માટે વર્તણૂંક સંબંધી સમિતિની સુનાવણીનું આયોજન કરવામાં આવશે.

# શિસ્તનાં પગલાંની વ્યાખ્યાઓ

**વર્તણૂંક સંબંધી સમિતિની સુનાવણી** - વર્તણૂંક સંબંધી સમિતિની સુનાવણીનું આયોજન દસ (10) દિવસથી વધુનું કોઈપણ આઉટ ઑફ સ્કૂલ સસ્પેન્શન લાગૂ કરતા પહેલા કરવામાં આવશે. વર્તણૂંક સંબંધી સમિતિની સુનાવણીમાં સુનાવણી અધિકારી, પ્રિન્સિપાલ/પ્રતિનિધિ અને જરૂર લાગે તો બિલ્ડિંગ અથવા ડિસ્ટ્રિક્ટના અન્ય કર્મચારીઓ સભ્યપદે હશે વિદ્યાર્થી અને તેમના માતાપિતા/વાલી(ઓ) ને વર્તણૂંક સંબંધી સમિતિની સુનાવણીમાં હાજર રહેવાની તક આવામાં આવશે. સુનાવણી વિદ્યાર્થીના શરુઆતના દસ (10) શાળા દિવસના સસ્પેન્શન દરમિયાન યોજાશે. વકીલોને વર્તણૂંક સંબંધી સમિતિની સુનાવણીમાં હાજર રહેવાની પરવાનગી નથી (સિવાય કે કોઈ માતાપિતા/વાલી હોય જે વકીલ હોય અને તેમના પોતાના બાળક સાથે હાજર હોય). વર્તણૂંક સંબંધી સમિતિની સુનાવણીમાં રેકૉર્ડિંગ ડિવાઇસ લાવવાની પરવાનગી નથી, સિવાય કે કોઈ માતાપિતા/વાલીની અક્ષમતાના કારણે તેમ કરવું જરૂરી હોય. સગવડ તરીકે રેકૉર્ડિંગ ડિવાઇસના ઉપયોગની જરૂરિયાતની સૂચના સ્ટૂડ સર્વિસિસ વિભાગને સુનાવણીના ઓછામાં ઓછા 48 કલાક અગાઉ મળી જવી જોઈએ.

જે વિદ્યાર્થીને સુપ્રિન્ટેન્ડન્ટના પ્રતિનિધિ દ્વારા દસ (10) દિવસથી વધુ સમય માટે સ્કૂલની બહાર સસ્પેન્ડ કરવામાં આવ્યા હોય તેઓ આ રીતે સસ્પેન્ડ કરાયા હોવાની નોટિસ મળ્યાના દસ
(10) દિવસની અંદર જો તેમની પાસે એવી માહિતી હોય જે તેમને લાગતું હોય કે સુનાવણીમાં ધ્યાનમાં લેવાઈ ન હતી, તો વર્તણૂંક બાબતની સમિતિના નિર્ણય વિરુદ્ધ સુપ્રિન્ટેન્ડન્ટ ઑફ સ્કૂલ્સને અપીલ કરી શકે છે. આવી માંગણી સુપ્રિન્ટેન્ડન્ટની કચેરીમાં અપીલની માંગણી કરવા છેલ્લી તારીખે બપોરે 4:30 વાગ્યા પહેલા મળી જવી જોઇએ. વકીલોને સુપ્રિન્ટેન્ડન્ટ ઑફ સ્કૂલ્સ સાથેની અપીલ મીટિંગમાં હાજરી આપવાની પરવાગની નથી.

જો વિદ્યાર્થીના માતાપિતા/વાલી(ઓ) સુપ્રિન્ટેન્ડન્ટ ઑફ સ્કૂલ્સના નિર્ણય સાથે અસંમત હોય ,તો શિક્ષણ બોર્ડ સમક્ષ સુનાવણીની માંગણી કરી શકાશે. આવી સુનાવણીની માંગણી કરનાર વિદ્યાર્થીને તેમની વિરુદ્ધના આરોપોની લેખિત જાણ કરવામાં આવશે, સાથે સુનાવણીની તારીખ, સમય અને સ્થળની જાણ કરવામાં આવશે; અને કોઈ વકીલ દ્વારા વિદ્યાર્થીનું પ્રતિનિધિત્વ કરાવાના, સાક્ષીઓને બોલાવવા અને પ્રશ્નો પૂછવાના તેમજ વિદ્યાર્થીના બચાવમાં અન્ય પુરાવા રજૂ કરવાના અધિકારની જાણ કરવામાં આવશે.

**સ્પેશિયલ એજ્યુકેશન *(અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ)* માટે શિસ્તના પગલાંની જોગવાઈ**- હાલ સ્પેશિયલ એજ્યુકેશન મેળવી રહેલ વિદ્યાર્થીઓ સામે  રાજ્ય અને ફેડરલ અધ્યાદેશો પ્રમાણે શિસ્તનાં પગલાં લેવામાં આવશે. જે કિસ્સાઓમાં અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓને વર્તણૂંક સંબંધી સમિતિની સુનાવણીની ભલામણ કરવામાં આવી હોય, અને તે સુનાવણીના પરિણામમાં 10 શાળા દિવસોથી વધુ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હોય, તેમના માટે વર્તણૂંક સંબંધી સમિતિની સુનાવણી પછી એ નક્કી કરવા માટે મેનિફેસ્ટેશન ડિટરમિનેશન મીટિંગ કરવામાં આવશે કે અતિક્રમણ વિદ્યાર્થીની અક્ષમતાના કારણે હતું કે કેમ.

**હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ માટે A+ નાગરિકત્વ નીતિ**
ફ્રાન્સિસ હૉવેલ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ A+ સલાહકાર સમિતિનું માનવું છે કે A+ સ્થિતિમાં ગ્રેજ્યુએટ થતા વિદ્યાર્થી માટે સારું નાગરિકત્વ ખૂબ મહત્ત્વનું છે. A+ પ્રોગ્રામમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ, જે સસ્પેન્શન મેળવે છે, તેમની પાત્રતા જોખમમાં છે. ચારેય વર્ષ નાગરિકત્વ રેકૉર્ડનો ભાગ છે.
નિમ્નલિખિત બનશે તો વિદ્યાર્થીને A+ પ્રોગ્રામમાંથી કાઢી મૂકવામાં આવશે:

- વિદ્યાર્થીના હાઇસ્કૂલ કેરિયર (ગ્રેડ 9 થી 12) દરમિયાન ઇન સ્કૂલ અને / અથવા આઉટ ઑફ સ્કૂલ સસ્પેન્શનોની 5 અથવા વધુ ઘટનાઓ
- 10 કે વધુ દિવસ આઉટ ઑફ સ્કૂલ સસ્પેન્શનમાં પરિણમે તેવું કોઈપણ સસ્પેન્શન.

**A+ અપીલ પ્રક્રિયા**
હાજરી અથવા નાગરિકત્વના ઉલ્લંઘન માટેની નોટિસ મળ્યા પછી વિદ્યાર્થી અને/અથવા માતાપિતા/વાલીને A+ અપીલની માંગણી કરવો હક છે. ચિંતા કે અપાત્રતાના કિસ્સાઓમાં,:

- વિદ્યાર્થી અને માતાપિતા/વાલીએ A+ કોઑર્ડિનેટરને લેખિત જાણ કરવી જોઈએ કે તેઓ તે ચિંતા કે અપાત્રતા વિશે વાત કરવા માંગે છે.
- A+ કોઑર્ડિનેટર પાત્રતા વિશે વિચાર કરવા માટે એક A+ અપીલ્સ સમિતિની મીટિંગ બોલાવશે.
- A+ અપીલ્સ સમિતિ માંગણી સાંભળશે અને વિદ્યાર્થી અને માતાપિતા/વાલીને પોતાનો નિર્ણય આપશે.

અપીલની માંગણી કરનાર કોઈપણ વ્યક્તિએ"A+ અપીલ" ફૉર્મ ભરવાનું રહેશે જે વિદ્યાર્થીની હાઈસ્કૂલમાં A+ કોઑર્ડિનેટર પાસે ઉપલબ્ધ રહેશે. સમીક્ષા સમિતિ નિર્ણય લઈ લે પછી A+ કોઑર્ડિનેટર માતાપિતા/વાલીને તેની જાણ કરશે.

# શિસ્તનાં પગલાંની વ્યાખ્યાઓ

**શાળામાંથી કાઢી મુકાવું –** શાળામાંથી કાઢી મુકાવું અથવા એક્સપલ્ઝન એટલે હંમેશ માટે શાળામાંથી કાઢી નખાવું. લાંબા ગાળા સુધી સસ્પેન્શન આપવા ઉપરાંત, સુપ્રિન્ટેન્ડન્ટ ઑફ સ્કૂલ્સ શિક્ષણ બોર્ડને એવી ભલામણ કરી શકે છે કે કોઈ વિદ્યાર્થીને સ્કૂલમાંથી કાઢી મૂકવામાં આવે. બોર્ડ આવી ભલામણોની સમીક્ષા કરશે અને નિર્ણય લેશે કે એક્સપલ્ઝન હિયરિંગ (કાઢી મુકવા માટેની સુનાવણી) સાથે આગળ વધું કે કેમ. જો શિક્ષણ બોર્ડ એક્સપલ્ઝન હિયરિંગ સાથે આગલ વધે, તો વિદ્યાર્થીને તેમજ માતાપિતાને વિદ્યાર્થીની વિરુદ્ધના આરોપોની લેખિત જાણ કરવામાં આવશે, સાથે સુનાવણીની તારીખ, સમય અને સ્થળની જાણ કરવામાં આવશે; અને કોઈ વકીલ દ્વારા વિદ્યાર્થીનું પ્રતિનિધિત્વ કરાવાના, સાક્ષીઓને બોલાવવા અને પ્રશ્નો પૂછવાના તેમજ વિદ્યાર્થીના બચાવમાં અન્ય પુરાવા રજૂ કરવાના અધિકારની જાણ કરવામાં આવશે. કોઇપણ વિદ્યાર્થીને શિક્ષણ બોર્ડ સમક્ષ સુનાવણી વિના કાઢી મૂકવામાં આવશે નહીં.

ડિસ્ટ્રિક્ટ પૉલિસી 2660 અનુસાર, કોઈ વિદ્યાર્થીને આ ડિસ્ટ્રિક્ટમાંથી કે બીજા કોઈપણ સ્કૂલ ડિસ્ટ્રિક્ટમાંથી સસપેન્ડ કરાયા કે કાઢી મુકાયા પછી જ્યાં સુધી ડિસ્ટ્રિક્ટે સંભાવિત પુનર્પ્રવેશ વિશે વિચાર કરવા માટે એક મીટિંગ ન કરી લીધી હોય, ત્યાં સુધી તેમને ફરીથી પ્રવેશ આપવામાં આવશે નહીં કે નોંધણી કરાવવાની પરવાનગી આપવામાં આવશે નહીં (કાયદાકીય દૃષ્ટિએ અનિવાર્ય હોય તે સિવાય). મીટિંગ દરમિયાન ભાગ લેનારાઓ જે વર્તણૂંકના કારણે શિસ્તનાં પગલાં લેવાયા તેના વિશે અને ભવિષ્યમાં આવી વર્તણૂંક ન થાય તેવો પ્રયત્ન કરવા માટે કોઈપણ સુધારાત્મક કાર્ય કરશે.

જોકે કોઈપણ વિદ્યાર્થીને કોઈ માટે પુખ્ત વ્યક્તિ કે સગીર તરીકે અંતિમ ન્યાય થયા વિના આરોપ મુકાયો હોય અથવા સગીરની વર્તણૂંક માટે દોષિત ઠરાવાયા હોય, જે જો તેમની વિરુદ્ધ પુખ્ત વ્યક્તિ તરીકે કામગીરી ચાલે તો આ ગુનાઓમાંથી એક થતા હોય, તો ફરીથી પ્રવેશ આપવામાં કે તેઓની નોંધણી કરવામાં આવશે નહીં:

- ફર્સ્ટ ડિગ્રી મર્ડર (Mo. Rev. Stat. § 536.020)
- સેકંડ ડિગ્રી મર્ડર (Mo. Rev. Stat. § 565.021)
- ફર્સ્ટ ડિગ્રી હુમલો (Mo. Rev. Stat. § 565.050)
- જબર્દસ્તી બળાત્કાર (Mo. Rev. Stat. § 566.030)
- જબર્દસ્તી ગુદામૈથુન (Mo. Rev. Stat. § 566.060)
- પ્રથમ ડિગ્રીની લૂંટ (Mo. Rev. Stat. § 570.023)
- સગીરને ડ્રગ્સ વિતરિત કરવી (Mo. Rev. Stat. § 579.020)
- પ્રથમ ડિગ્રીમાં આગ લગાડવી (Mo. Rev. Stat. § 569.040)
- ક્લાસ એ ફેલોની તરીકે અપહરણ (Mo. Rev. Stat. § 565.110)
- સગીર સાથે જાતીય સંબંધ (Mo. Rev. Stat. § 566.032)
- સગીર સાથે ગુદા મૈથુન (Mo. Rev. Stat. § 566.062)

# બસ માટે માર્ગદર્શિકા




ફ્રાન્સિસ હૉવેલના બસ ડ્રાઇવરોને ડિસ્ટ્રિક્ટની બસોમાં સુરક્ષિત અને શિસ્તબદ્ધ વાતાવરણ જાળવવાની જવાબદારી સોંપાયેલી છે.

ડિસ્ટ્રિક્ટની બસોમાં મુસાફરી કરતી વખતે વિદ્યાર્થીઓ પાસેથી નિમ્નલિખિત અપેક્ષાઓ રાખવામાં આવે છે:

- વિદ્યાર્થી આચાર સંહિતાની બધીજ અપેક્ષાઓ પ્રમાણે વર્તન કરવું
- બસ ડ્રાઇવરની બધી સૂચનાઓનું પાલન કરો
- બસની સામેના ભાગમાં જોતા બેઠેલા રહો
- સોશિયલ ડિસ્ટન્સિંગની અપેક્ષાઓ જાળવો
- નિર્ધારિત બસ સ્ટોપ પર નિર્ધારિત બસમાં બેસો અને જાવ
- શરીરના બધા ભાગો અને બધી વસ્તુઓ બસની અંદર રાખો
- બીજાઓ સાથે આદરભર્યો વર્તાવ કરો (શાબ્દિક રીતે અને શારીરિક રીતે)
- બસને જાળવો (કોઈ નુકસાન નહીં, કચરો નહીં, વસ્તુઓ ફેંકવી નહીં, ખાવું કે પીવું નહીં)
- તેમની નિર્ધારિત બસમાં જવું

નોંધ: બધી બસોનું કોઈ પણ સમયે કેમેરા વડે નિરીક્ષણ કરવામાં આવી શકે છે.

**શિસ્ત જાળવવા અને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવા ડ્રાઇવર નિમ્નલિખિત કાર્યોમાંથી કોઇપણ કરી શકે છે:**

- વિદ્યાર્થી સાથે ચર્ચા કરવી
- પ્રિન્સિપાલ/પ્રતિનિધિ સાથે ચર્ચા કરવી
- વિદ્યાર્થીઓને નિયમોનું પાલન કરવાની સૂચના આપવી
- બસમાં સીટ સોંપવી
- બસ ટિકિટની ચેતવણી આપવી
- બસ ટિકિટ આપવી

**ડિસ્ટ્રિક્ટ બસ ને વર્ગખંડનું એક્સ્ટેન્શન માને છે, માટે બસમાં દુર્વ્યવહારના પરિણામો ભોગવવાના રહેશે. પરિણામોમાં બસમાંથી સસપેન્ડ કરાવાનો સમાવેશ થઈ શકે છે**. જ્યારે ઉલ્લંઘન ગંભીર હોય અને/અથવા વિદ્યાર્થીઓની સામાન્ય સુરક્ષાને જોખમમાં મુકે એમ હોય, ત્યારે મામલા ને તરતજ પ્રિન્સિપાલ/પ્રતિનિધિ પાસે લઈ જવામાં આવશે. પ્રિન્સિપાલ/પ્રતિનિધિને જરૂર પડ્યે વૈકલ્પિક શિસ્ત યોજના લાગુ કરવા/વિકસાવવાનો અધિકાર છે. ડિસ્ટ્રિક્ટ ડાયરેક્ટર ઑફ ટ્રાન્સપોર્ટેશન અને ટ્રાન્સ્પોર્ટેશન મેનેજર માંગણી કરાય ત્યારે અથવા જરૂરી લાગે ત્યારે પ્રિન્સિપાલ/પ્રતિનિધિને મળશે.

# શારીરિક શિક્ષા: પ્રતિબંધિત

ડિસ્ટ્રિક્ટ નીતિ 2670 કહે છે: ડિસ્ટ્રિક્ટ માટે કામ કરતા અથવા વોલન્ટીયરિંગ કરતા કોઈપણ વ્યક્તિ ડિસ્ટ્રિક્ટની સ્કૂલોમાં ભણતા કોઈ વિદ્યાર્થીને શારીરિક શિક્ષા નહીં કરે કે તેમને શારીરિક શિક્ષા થાય તેનું કારણ પણ નહીં બને.

જો આત્મરક્ષા માટે તે જરૂરી હોય, શિસ્ત જાળવવા માટે જરૂરી હોય કે પછી બીજા લોકો કે ડિસ્ટ્રિક્ટની સંપત્તિની રક્ષા કરવા માટે તે જરૂરી હોય, તો ડિસ્ટ્રિક્ટના કોઈ કર્મચારી પ્રિન્સિપાલ/પ્રતિનિધિને આગોતરી જાણ કર્યા વિના કોઈ વિદ્યાર્થી વિરુદ્ધ વાજબી નિયંત્રણનો ઉપયોગ કરી શકે છે.



# નેટવર્ક અને ઇંટરનેટના સ્વીકાર્ય ઉપયોગ બાબતે માર્ગદર્શિકા

ફ્રાન્સિસ હૉવેલ સ્કૂલ ડિસ્ટ્રિક્ટ (FHSD) માં વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ, માતાપિતા/વાલી(ઓ) અને પ્રશાસકોને ઇંટરનેટને પહોંચ ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓએ FHSD ટેલિકમ્યુનિકેશન્સનો ઉપયોગ ડિસ્ટ્રિક્ટ નીતિ 6320 પ્રમાણે કરવો જોઈએ. . વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ સંબંધી માહિતી અને શિક્ષણમાં નવીનતાને પ્રોત્સાહન આપે તેવા સંશોધનના વિષયો અને આઇડિયા સુધી પહોંચ બનાવવાની છૂટ છે.

ઇલેક્ટ્રૉનિક સંચાર કરતા અને સાર્વજનિક તેમજ ખાનગી નેટવર્ક પર ઉપલબ્ધ માહિતીની સમૃદ્ધિમાંથી ગતિ કરી શકવી ઇન્ફર્મેશન લિટરસી સ્કિલ છે જે 21મી સદીમાં વિદ્યાર્થીની સિદ્ધિઓને સહાયતા કરે છે. કેટલાંક દાખલાઓમાં, વિદ્યાર્થીઓ, જો વર્ગશિક્ષક તેની પરવાનગી આપે તો, શૈક્ષણિક ઉદ્દેશ્યો માટે પોતાની ટેક્નોલૉજી લાવી શકશે (ઉદા. લેપટૉપ, આઇપૉડ, આઇપેડ, ઇલેક્ટ્રૉનિક રીડર, લેપટૉપ વિ.)

**સુરક્ષા**
ડિસ્ટ્રિક્ટ ફાયરવૉલ અને ફિલ્ટરિંગનો ઉપયોગ કરીને CIPA (Children's Internet Protection Act) (ચિલ્ડ્રન્સ ઇન્ટરનેટ પ્રોટેક્શન એક્ટ - ઇંટરનેટ પર બાળકોની સુરક્ષાનો કાયદો) નું અનુપાલન સુનિશ્ચિત કરે છે. તેમ છતા, જો વિદ્યાર્થી એવી માહિતી સુધી પહોંચી શકે જેનાથી તેમને અસુવિધા અનુભવાય તો તેમણે પોતાના શિક્ષક અથવા અન્ય કર્મચારીને રિપોર્ટ કરવો જોઈએ.

ડિસ્ટ્રિક્ટ નેટવર્ક પર નિમ્નલિખિત કાર્યોની પરવાનગી છે :

- માત્ર શૈક્ષણિક ઉદ્દેશ્યો માટે ટેલિકમ્યુનિકેશન્સનો ઉપયોગ કરવો
- બીજાઓ સાથે આદર અને શિષ્ટાચાર સાથે વાતચીત કરવી
- અન્ય લોકોના કૉપીરાઇટ અને બૌદ્ધિક સંપત્તિ સંબંધી કાયદાનું પાલન કરવું
- પોતાના નામ, સરનામા, ફોન નંબર અને પાસવર્ડની ગોપનીયતા જાળવવી અને બીજાઓની એ ગોપનીયતાનું માન જાળવવું

આ માર્ગદર્શિકા તમને તમારી જવાબદારીથી અવગત કરાવવા માટે પૂરી પાડવામાં આવી છે. જો માર્ગદર્શિકાનું પાલન ન થાય, તો નેટવર્ક એડમિનિસ્ટ્રેટર અથવા નિર્ધારિત FHSD પ્રતિનિધિ નેટવર્ક/કમ્પ્યુટરના વિશેષાધિકારો રદ કરી દઈ શકે છે..

ડિસ્ટ્રિક્ટ નેટવર્ક પર નિમ્નલિખિત કાર્યોની પરવાનગી ***નથી*** :

| | |
|---|---|
| ખાનગી માહિતી શેર કરવી | તમારો પાસવર્ડ બીજાઓને આપવો |
| ઇંટરનેટ પર અંગત માહિતી આપવી | કોઈ પણ રીતે બીજાઓની સતામણી કરવી, અપમાન કરવું અથવા બીજાઓને નુકસાન પહોંચાડવું |
| સિક્યોરિટી સિસ્ટમને બાયપાસ કરવાનો કે તોડવાનો પ્રયત્ન કરવો | પોર્નોગ્રાફિક/ગેરકાયદે સામગ્રી સુધી પહોંચવું |
| સૉફ્ટવેરને ગેરકાયદે કૉપી કરવું | બીજાઓના ફૉલ્ડરો, ફાઇલો કે ડૉક્યુમેન્ટ્સમાં ઘુસણખોરી કરવી |
| બીજાઓના ડેટા/ફાઇલોને નુકસાન કરવાનો પ્રયત્ન કરવો | નેટવર્કનો ઉપયોગ વ્યાવસાયિક ઉદ્દેશ્યો માટે કરવો |
| અશ્લીલ ભાષાનો ઉપયોગ કરવો | અભ્યાસક્રમેતર ઇંટરનેટ ગેમ્સનો ઉપયોગ કરવો |
| કૉપીરાઇટના કાયદાઓનું ઉલ્લંઘન અથવા લખાણની ચોરી | અનધિકૃત વેબસાઇટોનો ઉપયોગ |
| ડિસ્ટ્રિક્ટ નેટવર્ક અથવા ટેક્નોલૉજીમાં ભાંગફોડ | વાઇરસ અપલોડ કરવો, ડેટા બદલવો અથવા મર્યાદિત માહિતીની ચોરી કરવી |

**ઉલ્લંઘન માટે શિસ્તના સંભવિત પગલાં**
નેટવર્ક અને ઇંટરનેટના ઉપયોગ બાબતે ડિસ્ટ્રિક્ટ નીતિ 6320નું ઉલ્લંઘન કરવાથી શિસ્તના પગલા લેવાશે જેમાં આમાંથી એક અથવા વધુનો સમાવેશ થાય છે, પણ તેના સુધી સીમિત નથી: 1) નેટવર્ક વિશેષાધિકારો પાછા ખેંચાવા અથવા રદ થઇ જવા; 2) ઇંટરનેટને પહોંચ રોકી દેવી અથવા રદ કરી દેવી; 3) કમ્પ્યૂટરને પહોંચ રોકી દેવી કે રદ કરી દેવી; 4) સ્કૂલમાંથી સસપેન્ડ કરવા; અથવા 5) સ્કૂલમાંથી કાઢી મુકી શકાય

**કૃપા કરી નોંધ લેશો: જો તમે તમારા વિદ્યાર્થીને સ્વતંત્રપણે ઇંટરનેટનો ઉપયોગ કરવા દેવામાં ન આવે તેમ ઇચ્છતા હો, તો કૃપા કરીને યોગ્ય ફૉર્મ મેળવવા માટે તેમની સ્કૂલનો સંપર્ક સાધો**

# શબ્દાવલિ

**દાદાગીરી**

શિક્ષણ બોર્ડની નીતિ 2655માં દાદાગીરીની વ્યાખ્યા કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમૂહ દ્વારા કોઈને ડરાવવા માટે કરાતી પ્રવૃત્તિ છે, જેમાં વણજોઇતી આક્રમક વર્તણૂક, કે પછી સતામણી જે વારંવાર થતા હોય અથવા ફરીથી થવાની ઘણી શક્યતા હોય અને કોઈ સમજદાર વિદ્યાર્થીને તેની શારીરિક સુરક્ષા અથવા સંપત્તિ માટે ચિંતિત કરે; જેનાથી કોઈપણ અપવાદ વિનાક કોઈ વિદ્યાર્થીના શૈક્ષણિક કાર્ય પ્રદર્શન, અવસરો, કે લાભોમાં હસ્તક્ષેપ કરે; અથવા શાળાના વ્યવસ્થિત સંચાલનમાં મોટી ગરબડ ઊભી કરે. દાદાગીરીમાં શારીરક ક્રિયા, જેમાં ઇશારા, અથવા મૌખિક સાઇબર દાદાગીરી, ઇલેક્ટ્રૉનિક કે લિખિત સંચાર અને દાદાગીરીનો રિપોર્ટ કરવામાં આવે તો વેર વાળવાની ધમકીનો સમાવેશ થાય છે.

ડિસ્ટ્રિક્ટ વિદ્યાર્થીઓ દ્વારા સ્કૂલના ગ્રાઉંડમાં, સ્કૂલના સમય દરમિયાન, સ્કૂલ દ્વારા પ્રાયોજિત કોઈ કામગીરીમાં કે પચી સ્કૂલ સંબંધી સંદર્ભમાં કોઈપણ પ્રકારની દાદાગીરી કે ડરથી મુક્ત વાતાવરણ બનાવી રાખવાને પ્રતિબદ્ધ છે. વિદ્યાર્થી અને/અથવા તેમના માતાપિતા/વાલીને દાદાગીરીની કોઇપણ ઘટનાની તેમના બિલ્ડિંગના સંચાલકને જાણ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

ડિસ્ટ્રિક્ટ વિદ્યાર્થીઓને દાદાગીરીનો રિપોર્ટ કરવા પ્રોત્સાહિત કરે છે. તેઓ દાદાગીરીનો ભોગ બનનાર હોય કે પાસે ઊભા રહીને જોનાર, વિદ્યાર્થીએ રિપોર્ટ કરવો જોઈએ. સ્કૂલો વિદ્યાર્થીઓ સાથે દાદાગીરીનો રિપોર્ટ કરવાની સુરક્ષિત રીતો વિશે વાત કરશે. જે વિદ્યાર્થીઓ સાથે દાદાગીરી થઈ હોય અથવા જેઓ દાદાગીરી થતા જોઈ હોય, તેમણે તરતજ આ ઘટનાની કોઈ પુખ્ત વયની વ્યકતિને જાણ કરવી જોઈએ. જો બાળક રિપોર્ટ કરતા સહજ ન અનુભવતું હોય, તો માતાપિતા/વાલીએ પ્રિન્સિપાલનો સંપર્ક સાધીને તેમના બાળકે રિપોર્ટ કરેલ દાદગીરીનો રિપોર્ટ કરવો જોઈએ. દાદાગીરીના દરેક રિપોર્ટની તપાસ કરવામાં આવશે. FHSD વેબસાઇટ પાસે માતાપિતા અને વિદ્યાર્થીઓ માટે દાદાગીરી વિશે વધુ સંસાધનો ડિસ્ટ્રિક્ટની વેબસાઇટના Parents ટૅબ પર છે. http://fhsd.sharpschool.net/parents/bullying/

**કૉન્ફરન્સ**

રૂબરૂ, વીડિયો કે ટેલિફોન દ્વારા થતો સંવાદ

**સાયબરબુલીઈંગ**

નીતિ 2655માં સાઇબરબુલીઇંગની વ્યાખ્યા ઉપર વર્ણિત દાદાગીરી પ્રમાણે કરવામાં આવે છે, જે કોઈ મેસેજ, ટેક્સ્ટ, સાઉંડ કે ઇમેજ કોઈ ટેલિફોન, વાયરલેસ ટેલિફોન કે અન્ય વાયરલેસ સંચાર ડિવાઇસ કમ્પ્યૂટર અથવા પેજર સહિતના પણ તેમના સુધી સીમિત નહીં તેવા ઇલેક્ટ્રૉનિક ડિવાઇસ દ્વારા મોકલીને કરવામાં આવે છે. ડિસ્ટ્રિક્ટ કોઈપણ ડિસ્ટ્રિક્ટ કેમ્પસમાંથી અથવા જો ઇલેક્ટ્રૉનિક સંચાર સ્કૂલના ટેક્નોલૉજિકલ સંસાધનમાંથી થયું હોય, તો તે સંચાર ડિસ્ટ્રિકટ્ના કેમ્પસમાં અથવા ડિસ્ટ્રિક્ટની કોઈ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીના પોતાના ટેક્નોલૉજિકલ સંસાધનોનો ઉપયોગ કરીને થતું હોય તો પણ સાઇબરબુલીઇંગ પર પ્રતિબંધ લગાવી શકે અથવા તેના માટે શિસ્તના પગલાં લઈ શકે છે. ઉપરાંત જે વિદ્યાર્થીઓ કેમ્પસની બહાર એવો દુર્વ્યવહાર કરે જેનાથી ડિસ્ટ્રિક્ટના વિદ્યાર્થીઓના શિક્ષણને ગંભીર અને નકારાત્મક અસર થાય, તેઓ વિરુદ્ધ પણ શિસ્તનાં પગલાં લેવામાં આવશે.

**સતામણી/ભેદભાવ**

વ્યક્તિની જાતિ, રંગ, લિંગ, મૂળ રાષ્ટ્રીયતા, મૂળ વંશ, અક્ષમતા, ધર્મ, જાતીય પસંદ અથવા માન્યતા કરાતી જાતીય પસંદના કારણે સતમાણીથી મુક્ત શિક્ષણનું પર્યાવરણ જાળવવું તે ડિસ્ટ્રિક્ટની નીતિ છે. ડિસ્ટ્રિક્ટ જાતિ, રંગ, લિંગ, મૂળ રાષ્ટ્રીયતા, મૂળ વંશ, અક્ષમતા, ધર્મ, જાતીય પસંદ અથવા માન્યતા કરાતી જાતીય પસંદના કારણે સતામણી અને ભેદભાવ પર પ્રતિબંધ મૂકે છે.

સ્કૂલ સિસ્ટમ તરતજ જાતિ, રંગ, લિંગ, મૂળ રાષ્ટ્રીયતા, મૂળ વંશ, અક્ષમતા, ધર્મ, જાતીય પસંદ અથવા માન્યતા કરાતી જાતીય પસંદના કારણે કરાતી સતામણી અને ભેદભાવ વિશેની બધીજ ફરિયાદો, તે ઔપચારિક હોય કે અનૌપચારિક, મૌખિક હોય કે લેખિત અને વ્યક્તિઓને બીજી સતામણીથી બચાવવા માટે તરતજ યોગ્ય પગલાં લેશે; અને જો તે એમ નિર્ધારણ કરે કે સતામણી અથવા ભેદભાવ થયાં છે, તો કોઈપણ વિદ્યાર્થી, શિક્ષક, પ્રશાસક અથવા બીજા સ્કૂલ કર્મચારી, જેણે સતામણી/ભેદભાવ કર્યા હોય તેની વિરુદ્ધ શિસ્તના યોગ્ય પગલાં લેવા, અને અથવા સતામણીનો અંત આણવા માટે અન્ય યોગ્ય ગણતરી કરીને પગલાં લેશે જેથી તે શક્ય બને.

# શબ્દાવલિ

**હેઝિંગ**
ડિસ્ટ્રિક્ટ નીતિ 2920 દ્વારા વિદ્યાર્થીનું હેઝિંગ સ્પષ્ટપણે પ્રતિબંધિત છે. હેઝિંગની વ્યાખ્યા શાળાના પરિસરમાં કે બહાર, કોઈ વિદ્યાર્થીને કોઈ સ્કૂલ સંબંધી પ્રવૃત્તિ કે રમત-ગમતની ટીમમાં દાખલ કરવા માટે જાણીજોઈને હેરાનગતિ જેવી લાગતી પ્રવૃત્તિ તરીકે કરવામાં આવે છે. આ નીતિ દ્વારા પ્રતિબંધિત વઅવહારમાં જનનાંગો, નિતંબ અથવા સ્તન (વિદ્યાર્થિનીઓ) ખુલ્લા કરવા અથવા તેમને અડકવું, આંતરવસ્ત્રો સાથે પ્રત્યક્ષ અથવા પરોક્ષ સ્પર્શ, શારીરિક ઇજાની ધમકી આપવી અને શારીરિક અથવા માનસિક ઇજા અને શરમાવવા જેવી હરકતોનો સમાવેશ થાય છે પણ તેમના સુધી સીમિત નથી.

આ નીતિનું ઉલ્લંઘન કરનાર વિદ્યાર્થીઓને સ્કૂલમાંથી સસપેન્ડ કરવામાં આવશે/કાઢી મૂકવામાં આવશે અને દુર્વ્યવહારની ગંભીરતાના આધારે તેમને પ્રવૃત્તિઓ/રમતગમતમાં ભાગ લેતા રોકવામાં આવશે.

**પાર્કિંગ પરમિટ**
દરેક હાઇસ્કૂલના કેમ્પસમાં વિદ્યાર્થીઓના પાર્કિંગ માટે સીમિત જગ્યા ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થી વાહન લઈને સ્કૂલમાં આવી શકે તે માટે પાર્કિંગ પરમિટ જરૂરી છે. પરમિટો માટે પાત્રતાના માપદંડો અને વિદ્યાર્થીઓની ગાડીઓ સંબંધી અન્ય નિયમો યોગ્ય હાઇસ્કૂલ પ્રશાસક દ્વારા સ્થાપિત કરવામાં આવશે. ઉલ્લંઘનોના પરિણામે પાર્કિંગનો વિશેષાધિકાર જતો રહે તેવું બને.

**રેસ્ટિટ્યૂશન**
ચોરાયેલી કે નુકસાન પામેલી વસ્તુઓને બદલી આપવી અથવા ભરપાઈ કે સેવા તરીકે તેની વાજબી બજાર કિંમત ચુકવવી.

**ચોરી**
માલિકની જાણ વિના કોઈ બીજી વ્યક્તિ અથવા સંગઠનની વસ્તુ લઈ લેવી અથવા લેવાનો પ્રયત્ન કરવો જેમાં ઇરાદો માલિક તેનો ઉપયોગ ન કરી શકે તેવો હોય છે (ચોરીના ગુના હેઠળ).

**સેક્સ્ટિંગ**
ઇલેક્ટ્રૉનિક ડિવાઇસ મારફતે જાતીય રીતે ઉઘાડા ફોટા કે મેસેજ મોકલવા.

**આતંકવાદી ધમકી**
જો કોઈ બીજાને ડરાવવા કે લોકોમાં ડર ઊભો કરવાના ઇરાદાથી હિંસા કરવાની ધમકી આપે તો.

**ઘુસણખોરી**
પરવાનગી વિના સ્કૂલની સંપત્તિ પર હોવું, સસપેન્ડ થયેલ કે કાઢી મૂકાયેલ હો ત્યારે સહિ, આમાં તાળું તોડીને ઘુસવાનો સમાવેશ થાય છે. અથવા જ્યારે શાળા પ્રશાસને વ્યક્તિને શાળાનું પરિસર છોડી જવા કહ્યું હોય ત્યારે સ્કૂલની સંપત્તિ પર રહેવું.

**હથિયાર (તેના જેવી દેખાતી વસ્તુઓ અને દારુગોળા સહિત)**
દાખલા તરીકે અને મર્યાદા વિના, હથિયાર નીચે વર્ણન કરેલમાંથી એક હોય છે:

- <u>આગ્નેયાસ્ત્ર</u>: ફેડરલ સંહિતાના 18 U.S.C. 921માં વ્યાખ્યા કરાયા પ્રમાણે અગ્ન્યાસ્ત્ર. ઉદાહરણોમાં હેન્ડગન, રાઇફલ, શૉટગન અને બૉમ્બનો સમાવેશ થાય છે. પૂર્ણ વ્યાખ્યા માટે ફેડરલ સંહિતા જુઓ.
- <u>બીજી બંદૂકો</u>: કોઈપણ પ્રકારની બંદૂક, ભરેલી કે ખાલી, ચલાવી શકાય એમ હોય કે ન હોય, એવી કોઈપણ વસ્તુ સહિત જે બંદૂક ન હોય, પણ બંદૂક જેવી દેખાય. આમાં પેલેટ ગન, પેઇન્ટબૉલ ગન, સ્ટન ગન, ટેઝર ગન, બીબ ગન, ફ્લેર ગન, નેઇલ ગન અને એર સૉફ્ટ ગનનો સમાવેશ થાય છે પણ તેના સુધી સીમિત નથી.
- <u>બીજાં હથિયારો</u>: બંદૂક સિવાયનું એવું કોઈપણ સાધન કે વસ્તુ જેનો ડરાવવા માટે ઉપયોગ કરી શકાય જેનાથી શરીરને નુકસાન અને/અથવા ઇજા થઈ શકે અથવા જેનો ઇરાદો તેમ કરવાનો છે. આમાં સ્વિચબ્લેજ છરી, શિકાર માટેનો છરો, સ્ટાર નાઇફ, રેઝર (સીધા અથવા બંધ કરી શકાય તેવા રેઝર સહિત), પિત્તળના પહોંચા, બૉક્સ કટર, નાન ચાકૂ, કાંટાવાળા ગ્લવ્ઝ, કાંટાવાળું રિસ્ટબેન્ડ, ગદા જેવી કોઈપણ વસ્તુ, ટિયર ગેસ છોડવાનું સાધન અથવા પેપર સ્પ્રે પ્રોડક્ટનો સમાવેશ થશે, પણ તેના સુધી સીમિત નહીં રહે.

મિસૌરી રાજ્યની હથિયારની પરિભાષા કરતો કાયદો આ લિંક પર મળી શકશે:
http://www.moga.mo.gov/statutes/C500- 599/5710000010.HTM